**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦

વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦


- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા(કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી. ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧. ફોન : ૩૨૯૦૫૦૭


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| દિવાળી અને નવા વર્ષની શુભ કામનાઓ | અધ્યાત્મ પરિવાર | ૩ |
| જન્મદિન નિમિત્તે પૂ. માને શુભકામનાઓ તથા શ્રીચરણમાં અંજલિ | તંત્રી | ૪ |
| લક્ષ્મણરેખા | શ્રી યોગેશ્વરજી | ૮ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૧૧ |
| Experiences with Maa | Priya Shah | ૧૬ |
| પૂ. માના સાન્નિધ્યમાં થયેલ અનુભવો | તંત્રી | ૧૯ |
| Dashrathchal Yatra | Siddhi Vallabh | ૨૨ |
| દશરથ યાત્રા | નારાયણ હ. જાની | ૨૫ |
| અંબાજી ખાતેનો નવરાત્રિ જપયજ્ઞ સંપન્ન | વિનુભાઇ અમીન | ૨૮ |
| આધ્યાત્મિક એટલે કોણ? | અરુણ યાર્દી | ૩૧ |
| એક યાદગાર મુલાકાત | પ્રતીક્ષા મહેતા | ૩૪ |
| સૈનિક મહારાજ | ભાણદેવજી | ૩૫ |
| **साधो सहज समाधि भली** | સંત વિનોબાજી | ૪૯ |
| ખાધા સાટે કથા | સ્વામી સચ્ચિદાનંદજી | ૫૧ |
| ગુરુકૃપાનો અનુભવ | શ્રી જીતુભાઇ ગાંધી | ૬૧ |

## ❃ દિવાળી અને નવા વર્ષની શુભ કામનાઓ ❃

ઓક્ટોબર–૨૦૦૮ની ૨૯ તારીખે વિક્રમ સંવત્ પ્રમાણે ૨૦૬૫ નું નવું વર્ષ શરૂ થાય છે. એટલે દિવાળીના તહેવારો ધનતેરસ, કાળીચૌદશ ને દિવાળી ઓક્ટો.ની તા. ૨૬, ૨૭, ૨૮ ના દિવસોમાં આવે છે.

એ સાચું છે કે આ અંક વાચકોના હાથમાં આવશે ત્યારે દિવાળી વીતી ગઇ હશે ને નવા વિક્રમ સંવત્‌નો પ્રારંભ થઇ ગયો હશે, છતાં અમે આ લખી રહ્યા છીએ ત્યારે હજી દિવાળીની એક સપ્તાહની વાર છે. એથી આ નવા વર્ષની શુભકામનાઓ સહુને પાઠવીએ છીએ.

અત્યારે પૃથ્વી પર બહુ વિષમ કાળ ચાલી રહ્યો છે ત્યારે હે પ્રભુ, તારે શરણે આવેલા સહુ જીવોના તન, મન અને ધનની તું રક્ષા કરજે. સહુને સુખ, શાન્તિ, આનંદ, આબાદી, આઝાદી ને આરોગ્ય આપી સહુનાં મન તારા ચરણોમાં જોડેલાં તું રાખજે, એ જ પ્રાર્થના.

તા. ૨૩–૧૦–૨૦૦૮ **અધ્યાત્મ પરિવાર**



# જન્મદિન નિમિત્તે પૂ. માને શુભકામનાઓ તથા શ્રીચરણમાં અંજલિ

**તંત્રી**

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિન તા. ૧૩ નવેમ્બરના રોજ આવે છે. સ્વર્ગારોહણમાં જે ચાર દિનોની દર વર્ષે ઉજવણી થાય છે, તેમાં આ દિનનો પણ સમાવેશ છે. આ તેર નવેમ્બરે પૂ. મા શ્રી સર્વેશ્વરી ૬૫ વર્ષ પૂરા કરી, ૬૬ વર્ષમાં પ્રવેશ કરશે. સમગ્ર યોગેશ્વર પરિવાર તરફથી પૂ. માને હૃદયથી ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવીએ છીએ.

પૂ. મા કેટલાં મહાન છે, તેથી એમનો યથાર્થ પરિચય આપવાની ક્ષમતા અમારામાં નથી. એથી પૂ. મા વિષે પ્રો. તરલાબેન દેસાઇએ જે કહ્યું છે, તે તેઓના શબ્દોમાં જ ટૂંકમાં જોઇએ.

## મા સર્વેશ્વરી–એક અહંશૂન્ય ગુરુ સમર્પિત સંત

**પ્રો. તરલાબેન દેસાઇ**

વ્યક્તિ જ્યારે જન્મે છે ત્યારે ચૈતન્યરૂપે જ હોય છે, નથી હોતું એનું કોઇ નામ, નથી હોતી એને કોઇ જાતિ કે કાળા–ગોરા, લાંબા–ટૂંકાની કોઇ વાત.

મા સર્વેશ્વરી પાસે પોતાનું કહેવાય એવું ‘વિશેષ નામ’ સુદ્ધાં નથી, છે કેવળ પૂજ્યશ્રીએ અર્પેલ ઉપનામ ‘સર્વેશ્વરી.’ એ છે સર્વની ‘ઈશ્વરી ચેતના’, જેમણે આખા જગત સાથે પ્રેમસંબંધ બાંધ્યો છે. ‘મા’ એકાક્ષરી શબ્દ મંત્ર બનીને શુદ્ધ, નિર્વ્યાજ,

સરળ, સ્વચ્છ, પ્રેમનું એક એવું વાયુમંડળ રચે છે જેમાં એકવાર પ્રવેશનાર કાયમનો નિવાસી બની જાય છે. એમની ઉપસ્થિતિમાં સઘળી ચિંતાઓ—આઘાતો એવા ઓગળી જાય છે જાણે આગ સામે બરફ!

'મા' મુક્ત રહ્યાં છે. અને એ જ રીતે બધાંને મુક્ત રાખી રહ્યાં છે. એમણે આપણી સમક્ષ જીવનની ભવ્યતા અને ધ્યેય મૂક્યાં છે અને આપણી અંદર રહેલ દિવ્ય ચેતનાનો સાક્ષાત્કાર કરાવી રહ્યાં છે.

'મા'નો ઉપદેશ આત્માની પ્રગટ, વ્યવહારુ અભિવ્યક્તિ છે. એટલે જ એ બોધ આકાશ જેટલો અસીમ, સાગર જેટલો ઊંડો અને સૂર્યકિરણ જેટલો સાર્વત્રિક છે.

'મા'નું પવિત્ર મૌન શબ્દો કરતાં અનેકગણું સમર્થ છે. તેમનું શાન્ત—ઉદાત્તરૂપ સર્વકાળ સૂચક—પ્રેરક રહે એવું છે.

'મા' વારંવાર કહે છે 'સમર્પણ પૂર્ણ હોય તો દેહ અલગ રહે જ નહિ, પ્રભુમાં સમાઇ જાય.' પણ પ્રભુ આ દેહદ્વારા કંઇક કરાવવા ઇચ્છતા હોય તો ભલે એ રહે પણ પ્રભુ બહાર ખેંચે અને અંદર ધક્કો માર્યા કરે એટલે સતત ધમસાણ રહે. 'યુદ્ધસ્વ'નો મંત્ર યાદ રાખવો પડે. એટલે એકાંત મૌન પછી બહાર આવતાં ભારે વેદના થાય. આ બધું શા માટે? ૨૦ વર્ષથી નિત્ય પ્રાર્થના થાય છે :

'પ્રભુ દર્શન આપ, તારામાં સમાવ.'

આપણે પૂ. 'મા'ને કહીએ—પ્રાર્થીએ :

'અમારા જેવા કંઇ કેટલાય જીવોના ઉદ્ધાર માટે આપ પ્રભુની મંગલ યોજનાના અંશરૂપે છો. તો રહો નિત્ય અમારી સંમુખ, આસપાસ!' જો જો 'માને શું?' કહી છટકી જતાં! 'મા' છે પછી 'અમારે શું?' એટલી નિર્ફિકરાઇની બક્ષિસ અમને પ્રેમપૂર્વક આપ્યા જ કરજો.



પૂ. 'મા'ની પરમ ચેતના આજે જે સ્તરે છે એને માટે પૂ. 'મા'ના જ શબ્દોમાં કહીએ તો—'કાળક્રમે સ્લેટ છૂટે, નોટ આવે, ફૂલસ્કેપ આવે, ડાયરી આવે, તેમ સ્થૂળ ગુરુની ધૂંસરી પણ છૂટે અને સાધક સડસડાટ આગળ નીકળી જાય! ગુરુઓ બધા રસ્તે ઊભા રહી સલામી આપે!'

આ ક્ષણે કંઇ કેટલાય સંતો પૂ. 'મા'ને અહોભાવથી સલામ આપતા ખડા છે. ત્યાં આપણા જેવાની વાણીનું શું ગજું કે જે 'મા'ના સ્વરૂપને એવું ખડું કરી શકે?

'મા'ને ઓળખવા 'મા' થવું પડે. આત્મસ્વરૂપ બન્યા વિના કોઇ આ અનન્ય આત્મસ્વરૂપને ઓળખી શકે નહિ. તો પછી હું પણ ખડી—ખડી શું કરું? બેસી જ જાઉં ને? વિરમું.

★ ★ ★

આ 'મા' પ્રસિદ્ધિમાં માનતાં નથી. આજના પ્રસારણ માધ્યમોના ઝળહળાટ 'મા'ને બીલકુલ આકર્ષતા નથી. પૂ. માનું સહજ ભીતરી આત્મસૌંદર્ય એવા ફૂલ જેવું છે જે પ્રભુ ડાળીએ સંલગ્ન રહેવા ઇચ્છે છે, 'જ્યાં ઉગ્યાં ત્યાં જ ચઢી ગયાં!' પૂ. શ્રીનો એ મંત્ર જ જાણે આત્મસાત્ કરી લીધો છે.

સહજ, સરલ આત્મા જે બધાં જ વળગણોથી પહેલેથી મુક્ત છે. એ નવાં વળગણોમાં કેમ પડે?

મા કહે છે, હું નથી સત્યપથમાં, નથી સ્વર્ગારોહણમાં મને કશા સાથે ના જોડતા. હું તો છું પૂ. શ્રીના શ્રીચરણોની રજ! જે અત્યંત વિનમ્ર રહી ઓગળી ઓગળી જઇને નિશ્ચિહ્ન બની રહેવા માગે છે.

પૂ. માને ઓળખવા મા થવું પડે. આત્મસ્વરૂપ બન્યા સિવાય આ અનન્ય આત્મસ્વરૂપને કોઇ પિછાની શકે નહિ.

પૂ. માની એક ટૂંકી પીછાણ આપવી હોય તો કહી શકાય "એક અહંશૂન્ય—ગુરુસમર્પિત સંત."

હે મા અમને પણ આપના જેવા અહંશૂન્ય બનાવજો જેથી કર્તાપણોનો બોજો વંઢોળી અમે ભોક્તાપણાના ચક્કરમાં ના ફસાઇએ—જન્મમરણના ચક્કરમાં ના પડીએ.

**સત્કર્મનો મહિમા**

(૧) સત્કર્મ દુર્જનને સજ્જન બનાવે છે. (૨) મૂર્ખને પંડિત બનાવે છે. (૩) અહિત કરનાર શત્રુને હિતકારી બનાવે છે. (૪) પરોક્ષ વસ્તુને પ્રત્યક્ષ બનાવે છે. (૫) હલાહલ વિષને અમૃત બનાવે છે. **– યોગેશ્વરજી**

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



# લક્ષ્મણરેખા

**યોગેશ્વરજી**

રામાયણની પરંપરાગત પ્રખ્યાત કથામાં લક્ષ્મણરેખાની વાત જાણીતી છે. પચંવટીના પવિત્રધામમાં રહેતા રામ સીતાની ઇચ્છાને અનુસરીને સુવર્ણમૃગને જીવતો કે મરેલો પકડી લાવવા માટે વનમાં નીકળ્યા. સુવર્ણમૃગના સ્વરૂપમાં રહેલા મારિચે મરતાં પહેલાં લક્ષ્મણના નામનો પોકાર કર્યો. એટલે અને સીતાના અત્યાગ્રહનેલીધે પંચવટીમાં અનિચ્છા છતાં સીતાને એકલી મૂકીને, કૂટીરની આગળ રેખા દોરીને લક્ષ્મણે રામની દિશામાં પ્રયાણ કર્યું. એ અવસરનો લાભ લઇને અરણ્યમાં છૂપાયેલો રાવણ સીતા પાસે પહોંચી ગયો. સીતાએ લક્ષ્મણ રેખાને ઓળંગી ના હોત તો રાવણ એના હરણની યોજનામાં સફળ ના થઇ શકત. એણે સીતાને લક્ષ્મણરેખાને ઓળંગવા બાધિત બનાવી. પરિણામે સીતાને ખૂબ જ સહન કરવું પડ્યું; અને રામ લક્ષ્મણને સંકટોનો સામનો કરવો પડ્યો.

રામાયણની એ પરંપરાગત પ્રખ્યાત પ્રાણવાન પ્રેરક કથા પ્રકારાંતરે સૂચવે છે કે માનવ જીવનમાં એવી રીતે કેટલીક લક્ષ્મણરેખાઓ છે. એમની અંદર રહેવાથી સર્વ પ્રકારે સુખી, શાંત, સુરક્ષિત રહી શકાય છે, પરંતુ એમને એક અથવા બીજા કારણે ઓળંગવામાં આવે તો દુઃખી થવાય છે, બેચેન બનાય છે, અશાંતિના ભોગ થવાય છે, અને અનેક પ્રકારના બંધનમાં પડાય છે.

જીવનની એ લક્ષ્મણરેખાઓ અતિશય અગત્યની હોય છે.

એમના પ્રત્યે આછો પાતળો દૃષ્ટિપાત કરી લઈએ તો એ અસ્થાને નહિ ગણાય.

શાસ્ત્રો તથા સત્પુરૂષોએ કેટલીક લક્ષ્મણરેખાઓ પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યો છે. બોલો, ધર્મનું પાલન કરો, સ્વાધ્યાયમાં પ્રમાદ ન કરો, અતિથિને દેવ બરાબર સમજીને સન્માનો અને સેવાને પોષો. માતાને દેવ માનો, પિતાને દેવ માનો. વિદ્યા પ્રદાન કરનાર ગુરુદેવને દેવ બરાબર ઈશ્વર તુલ્ય સમજો. નિર્ભય બનો, દયાને ભજો. દીનદુઃખી ગરીબની સેવા કરો. જે પ્રમાણિકતાથી પ્રાપ્ત કરેલ નથી, ન્યાયોચિત નથી, તેવા પરધનની ઈચ્છા ન રાખો. તેને પથ્થર બરાબર સમજો. પરસ્ત્રી–પરપુરુષમાં, પવિત્ર બુદ્ધિ–પવિત્રવૃત્તિ, પવિત્ર દૃષ્ટિ રાખો. ચોરી ના કરો. બીજાને હાનિ ના પહોંચાડો. બને તો, શક્ય તેટલો લાભ પહોંચાડવા, બીજાનું ભલું કરવા માટે તૈયાર રહો. મન અને અન્ય ઈન્દ્રિયોને સન્માર્ગે વાળો.

એ બધી અને એવી અન્ય કેટલીક લક્ષ્મણરેખાઓનું પાલન કરવાની આવશ્યકતા હોય છે. એ પરિપાલન, કલ્યાણકારક, શાંતિપ્રદાયક સુખકારક ઠરે છે.

રાવણે પંચવટીમાં સ્થૂળ લક્ષ્મણરેખાને ઓળંગી તે પહેલાં જીવનની નિર્મળ વ્યવહારની સૂક્ષ્મ માનસિક લક્ષ્મણરેખાને ઓળંગેલી, એ સૂક્ષ્મ લક્ષ્મણ રેખાનું અતિક્રમણ એને માટે સીતાના હરણના મદદરૂપ બન્યું ખરું, પરંતુ છેવટે સર્વનાશ તથા સર્વસંહારક સાબિત થયું. જીવનની માન્ય લક્ષ્મણરેખાઓનાં ઊલ્લંઘન આરંભમાં અલ્પકાલીન આનંદ અર્પતાં હોય તો પણ કાળક્રમે અથવા અંતે અશાંતિકારક, શોકજનક, દુઃખદ ઠરે છે, એવું સમજીને સદ્‌બુદ્ધિ–સંપન્ન સત્વશીલ સત્પુરુષો લક્ષ્મણ-



રેખાઓની મર્યાદાઓને માન્ય રાખે છે. એમાં સહજ પણ પ્રમાદ કે ક્ષતિ થાય છે તો સંકટનો સામનો કરવો પડે છે. રામે અહિંસાની લક્ષ્મણરેખાને ઓળંગીને ધનુષ્બાણ લઈને સુવર્ણ-મૃર્ગને પકડવા માટે પ્રયાણ કર્યું તો પરિણામ શું આવ્યું? સીતાનું હરણ થયું. શાંતિરૂપી સીતાનું હરણ થયું, પણ માનવજીવનમાં એવી રીતે જ થતું હોય છે.


શું પરમાત્મતત્ત્વનું દર્શન શક્ય છે? તો તેના પ્રત્યુત્તરમાં કહેવું પડે કે હવા કરતાં પણ અતિશય સૂક્ષ્મ પરમાત્મતત્ત્વને સ્થૂળ દૃષ્ટિએ પેખવાનું કાર્ય કપરું હોવા છતાં, ધ્યાન દ્વારા સંપ્રાપ્ત સમાધિની અલૌકિક અવસ્થામાં અતિશુદ્ધ બુદ્ધિવાળા, સદાચારી સત્પુરુષો એનું દર્શન કરી શકે છે. **—યોગેશ્વરજી**

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**

મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**❖ કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ ❖**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,

ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૧ નવેમ્બર—૨૦૦૮ અંક ૨**

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**બુધવાર પોષ વદ અગિયારસ ૨૦૩૮**

**તા. ૨૦—૧—૮૨ સ્થળ : નોર્થ બરગનથી વિદાય (૨)**

આજે ઘરેથી રાતે સાડા આઠ વાગ્યે કેનેડી એરપોર્ટ ઉપર ૧૦૬ નંબરના એરઈન્ડીયાના મુંબઈ જતા પ્લેનમાં બેસવા નીકળવાનું છે.

તે પહેલાં પૂ. શ્રીના ઓરડામાં યજમાન પતિપત્ની પૂ. શ્રીને પ્રણામ કરે છે વળી ઈચ્છે છે કે અમારા બન્નેના માથે હાથ મૂકીને પૂ. શ્રી આશીર્વાદ આપે પૂ. શ્રીએ કહ્યું સંકલ્પથી માથે જ શું આખા શરીર ઉપર આશીર્વાદનો સૂક્ષ્મ હાથ ફરી રહ્યો છે. પછી સ્થૂળ હાથ મૂકવાની જરૂર જ ક્યાં રહી?

વિદાય સમયે પૂ. શ્રી તથા સર્વેશ્વરીને ચંદન તિલક કરી ફૂલહાર અર્પણ કર્યા, બે ભજનો, 'પ્રભુ મને પાજો ને વંદન



હજારો વાર' ગવડાવ્યાં. પછી પૂ. શ્રીની આરતી ઉતારી ઘરનાં સૌએ પ્રણામ કર્યા. શ્રી વિનોદભાઈની છ બેનો ને બે ભાઈઓનો પરિવાર અહીં જ નોર્થબરગનમાં જ રહે છે. તે પૈકી એક બેન અને તેમના પતિ આજે એરઈન્ડીયામાં જ મુંબઈ જવાના છે. વળી શ્રી સરોજબેનના પણ ચાર ભાઈઓ અહીં જ રહે છે. એટલે એ આખાયે પરિવારે પૂ. શ્રીના સત્સંગનો લાભ લીધો. સૌએ હાથ જોડી ભાવના વ્યક્ત કરી કે જલ્દી જલ્દી ફરી અહીં પધારજો. સત્સંગમાં દિવસો તો ક્યાં પસાર થઈ ગયા ખબર જ ન પડી. ભજનો સાંભળવામાં ખૂબ આનંદ આવ્યો.

આજે સવારે પૂ. શ્રીની મુવીફિલ્મ લીધી. વળી સાંજે વિદાયવેળાની એરપોર્ટ ઉપરની પણ મુવી ફિલ્મ ઉતારી.

હાલતી ચાલતી ફિલ્મ એ સુખદ સ્મરણનું અમૂલ્ય સંભારણું છે.

સમયસર પ્લેનમાં અંદર જવાનો સમય થતાં સૌએ નીચા નમીને એરપોર્ટ ઉપર પૂ. શ્રીને તથા સર્વેશ્વરીને પ્રણામ કર્યા સૌની વિદાય લઈ એરઈન્ડીયાના કેનેડી એરપોર્ટ ઉપરથી ઉપડતા ૧૦૬ નંબરના પ્લેનમાં ૨૯ A ને ૨૯ B ની સીટ ઉપર બેઠાં.

પ્લેન ૨॥ કલાક મોડું ઉપડ્યું છતાં ખૂબ ઝડપથી એટલે ૫ કલાક ને ૫૦ મિનિટમાં ૫૭૪૩ કિલોમીટરનું અંતર કાપી નાંખ્યું અને લંડન આવી ગયાં.

જેથી લંડનના હીથ્રો એરપોર્ટ ઉપર રોકાણ હોવાથી બહાર નીકળ્યા પણ ખાસ સમય ન રહ્યો થોડું ચાલીને ફરી પાછા પ્લેનમાં બેઠાં.

લંડનથી મુંબઈ ૭૫૮૫ કિલોમીટર દૂર છે હવે આઠ કલાકને ૧૫ મિનિટમાં મુંબઈની લાંબી મુસાફરી શરૂ થઈ.

સદ્‌ભાગ્યે ન્યુયોર્કથી લંડન આવતા પૂ. શ્રીની પાસેની એક સીટ ખાલી જ રહી જેથી પૂ. શ્રીને તથા સર્વેશ્વરીને થોડો આરામ મળી ગયો.

અને લંડનથી મુંબઇ આવતાં પૂ. શ્રીને ત્રણ સીટ ને સર્વેશ્વરીને પણ એની સામેની લાંબી સીટ સૂવા માટે મળી ગઇ. જેથી લાંબી કંટાળાજનક આઠ કલાકની આ યાત્રામાં સંપૂર્ણ આરામ જ રહ્યો.

સર્વેશ્વરીએ ૧ કલાક જપ કર્યા પૂ. શ્રીએ પોતાના જપને પ્રાર્થનાના નિયમને પૂર્ણ કર્યો. વળી સર્વેશ્વરીએ ડાયરીની નોંધ લખી ત્યાં તો ચાર કલાકનું અંતર તો કપાઇ ગયું. વળી સરળગીતાનો આખો પાઠ પણ સર્વેશ્વરીએ કર્યો. વિદેશમાં એકસો છાસઠ દિવસ પૂરા સાડા પાંચ માસ રહેવાનું બન્યું જ્યાં પણ જવાનું બન્યું ત્યાં ત્યાં શ્રદ્ધાળુ, સેવાભાવી, ભક્તિભાવ ધરાવતા ને સંપૂર્ણ શાકાહારી આહારવાળા પરિવારો પણ જોવા મળ્યા અને શ્રદ્ધાળુ ભક્તોએ પૂ. શ્રી અહીં વધારે રોકાય ને સત્સંગનો લાભ વધુ લઇએ એવી પણ ભક્તિભાવભરી પ્રાર્થના વિનંતિ રજૂ કરી.

વિદેશયાત્રામાં સર્વેશ્વરી ત્યાગમય જીવન પછી પૂ. શ્રી સાથે પ્રથમવાર હતાં. છતાં પૂ. શ્રીને સંતોષ હતો કે જ્યાં પણ ગયા ત્યાં અજાણ્યાઓએ પણ સર્વેશ્વરીને પ્રેમથી ભક્તિભાવથી વધાવી લીધાં અને તેની પાછળ જગદંબાની ઇચ્છા ને યોજના જ કામ કરી રહી છે. એ વાત સ્વીકારવી રહે છે.

વિદેશયાત્રા દરમ્યાન સર્વેશ્વરીને વારંવાર ભારત જવાની ઇચ્છા થઇ આવતી ત્યારે ત્યારે પૂ. શ્રી કહેતા ભારત દેશ તમે



મોડા જશો તો તસુ પણ આઘોપાછો થવાનો નથી જ્યાં છે ત્યાં જ રહેશે પણ આટલે દૂર આવ્યા છીએ તો કોઇને સત્સંગનો લાભ મળતો હોય તો થોડું વધારે રોકાવું જરૂરી છે.

વિદેશયાત્રા દરમ્યાન નીચે મુજબ હવાઇયાત્રા થઇ.

(૧) મુંબઇથી લંડન. (૨) લંડનથી ન્યુયોર્ક. (૩) ન્યુયોર્કથી કેનેડા. (૪) કેનેડાથી ન્યુયોર્ક. (૫) ન્યુયોર્કથી લોસએંજલસ. (૬) લોસએંજલસ સાનફ્રાન્સીસ્કો. (૭) સાનફ્રાન્સીસ્કોથી ડલાસ. (૮) ડલાસથી ક્લોવીસ. (૯) ક્લોવીસથી ડલાસ. (૧૦) ડલાસથી સાન એન્ટોનીયો. (૧૧) સાન એન્ટોનીયોથી ડલાસ. (૧૨) ડલાસથી લીટલરોક. (૧૩) લીટલરોકથી ડલાસ. (૧૪) ડલાસથી લોસએંજલસ. (૧૫) લોસએંજલસથી ન્યુયોર્ક. (૧૬) ન્યુયોર્કથી વોશીંગ્ટન. (૧૭) વોશીંગ્ટન ન્યુયોર્ક. (૧૮) ન્યુયોર્કથી મુંબઇ.

અઢારવાર વિમાનમાં બેસવાનું થયું એટલે જાણે કે એવી યાત્રાથી ટેવાઇ ગયાં.

આઠ કલાકને ૧૫ મિનિટની એકધારી વિમાને ગતિ પકડી પરિણામે ૧–૪૫ મિનિટે મુંબઇના વિમાની મથક ઉપર વિમાન ઉતરી પણ ગયું. ભારત આવી ગયા તે સિક્કો જે ટેબલ ઉપર મરાવવાનો હોય ત્યાં ખૂબ લાંબી લાઇન હતી ત્યાં ઊભા રહેવાનું બન્યું ને એકાદ મિનિટ માંડ થઇ હશે ત્યાં સૂરત ધ્યાનકેન્દ્રના સંચાલક શ્રી ભટ્ટ સાહેબ અને તેમના નાના બેન જેઓ એરપોર્ટ ઉપર પોલીસ ઇન્સ્પેક્ટરનું કામ કરે છે તે સાંતાબેન ભટ્ટ અને બીજા એક ઓફિસર બેન અમારી પાસે આવી પહોંચ્યા. અમારી પાસેથી પાસપોર્ટ લઇને એ કામ એમણે

જાતે જઈને કરાવી લીધું પરિણામે બેગ સાથે કસ્ટમમાંથી પસાર થવાનું બાકી રહ્યું, પરંતુ તે પણ તેઓએ જ કાર્ય પૂર્ણ કર્યું એટલે જોતજોતામાં બહાર નીકળી ગયાં.

ત્યાં તો ભાવિક ભાઈબેનો ઉત્સાહપૂર્વક મળવા વડોદરાથી શ્રી જીતુભાઈ, કુંદનબેન, સ્મિતાબેન, વિજયભાઈ, રાજુભાઈ સૂરતથી શ્રી ગોરધનભાઈ, ભટ્ટ સાહેબ, મુંબઈથી શ્રી વિશુભાઈ, પ્રવીણાબેન, હિંમતભાઈ વગેરે મળ્યા. ફૂલોના હારો અર્પણ કરી પ્રણામ કરી સૌએ આનંદપૂર્વક અભિવાદન કર્યું.

થોડી વાતો થઈ ને આવતીકાલે મળવાનું થશે એમ કહી વિદાય લીધી ને વડોદરામાં શ્રી જીતુભાઈના ઘરે આવી જવાનું બન્યું.

ગુરુવાર તા. ૨૧ આખો દિવસ ને રાત પ્લેનમાં જ વીતી પરિણામે શુક્રવારની વહેલી સવારે પ્લેનમાંથી ઉતારા ઉપર આવી ગયા.

આરામ કર્યો. તા. ૩૧ મીએ ગાંધીગૃહ વડોદરામાં સત્કાર સમારંભ ગોઠવ્યો છે તેની વાતો થઈ.

(ક્રમશઃ)



# Experiences with Maa

**Priya Shah, Canada**

July 6, 2008

This past December I went on a very spiritual and enjoyable Yatra. It was called Dashrathachal Yatra. I have come to learn many things not only about Pujya Maa, but Prabhuji too. This was the first time for me being in Swargarohan. It was a whole new experience for me. When I took my first step in Swargarohan, I felt this sudden peace and joy within me. It felt like I was in heaven. While I was in Swargarohan, I got to experience AnaVirthran (donation camp for the poor). This was a new experience for me, because I have never seen it with my own eyes. I realized that we take so many things for granted and that we tend to forget about the less fortunate. Pujya Maa, has opened my eyes by letting me experience that.

While all the devotees and I were on the Dashrathachal Yatra, we talked about our personal experiences with Puyja Maa. I got to know a lot about Prabhuji too, as we went along on the Yatra. We went to Haridwar and Devprayag. We also visited and did satsang at Prabhuji's Kutia, where Maa Joyotirmayi accompanied him.

After that night we woke up at 4:30 am to start

our journey up Dashrathachal. It was tough but we kept chanting Om Yogeshwarai Namah, Om Maa Sarweshwaryey Namah. In many occasions we realized that Puyja Maa was there with us, may be not physically but in other forms. There was one devotee who was having difficulties while climbing and she was suddenly loosing hope. All of a sudden you hear the cellphone ring, and it was Puyja Maa! She gave the devotee a few encouraging words and the devotee felt like climbing once again! Another incident was when we were climbing up, we all saw a hawk suddenly fly above all of us. I felt like Puyja Maa was watching over us.

After everyone reached the top, we walked about another 2 km and we saw a small waterfall. Now, what I wondered was that, from such a high point, how could water be dripping like this? However, this is exactly where Prabhuji and Champakbhai had taken their water from. However, back then it came slowly, so Prabuji would put a bucket there in the morning and by the next morning, it will be full. When we were there it was coming out pretty fast so we were lucky. We all drank the water and I don't think I have ever tasted water purer than that one. We did pranams and satsang and then went down the hill.

The next day it was time to leave to go back to Haridwar, but on the way there we stopped by



Rishikesh. We got to see Laxman Jula. When we were back in Haridwar we participated in Ganga Puja at Aryanivas Ashram. During the pooja, when we asked Maa Ganga to accept our pooja and offerings, Maa suddenly called on Deepakbhai's cellphone and said, "I accept your pooja and offerings." So this was another miracle of Maa!

When we came back to Swargarohan, we got such a warm welcome from Maa! (Fireworks, tilak musicians, garbha, ice cream, candy). I wouldn't imagine anyone else doing something like this for us. Puyja Maa, made us feel so proud of ourselves, and made us feel like big people, such as VIPs.

All together the experience was unforgettable. It is still all fresh in my mind, and I hope that we do something like it very soon. Thank you Puyja Maa, for giving me this wonderful opportunity to experience such a warm and spiritual Yatra. This Yatra has changed my life in many ways, and I am very glad it has.

Jai Kruplau Maa.

# પૂ. માના સાન્નિધ્યમાં થયેલ અનુભવો

અનુવાદ : તંત્રી

જુલાઇ ૮, ૨૦૦૮

ગયા ડીસેમ્બરમાં હું ખાસ આધ્યાત્મિક અને આનંદદાયક યાત્રાએ ગઇ, એ દશરથયાત્રા હતી. તેમાં મને પૂ. મા વિષે જ નહિ, કિન્તુ ગુરુદેવ શ્રી યોગેશ્વરજી વિષે પણ ઘણું જાણવાનું મળ્યું. સ્વર્ગારોહણની આ પહેલી જ મુલાકાત હતી. સ્વર્ગારોહણમાં મેં મારાં પહેલાં કદમ રાખ્યાં તે મારે માટે એક નવા જ અનુભવની ઘટના હતી. મને આ એકાએક શાન્તિ ને આનંદનો જે અનુભવ થતો, તો લાગ્યું કે હું સ્વર્ગમાં તો આવી નથી ગઇને? સ્વર્ગારોહણ હું આવી ત્યારે ગરીબોને અન્ન વિતરણનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. મેં પહેલાં કદી આવું પ્રત્યક્ષ જોયું ન હતું, તેથી મારા માટે તે તદ્દન નવો જ અનુભવ હતો. મને એ ભાન થયું કે આપણે એવું માની લીધું હોય છે કે બધા સુખી જ છે. એમ કરીને આપણે ગરીબો વિષે વિચારવાનું ભૂલી જઇએ છીએ. એવું લાગ્યું કે મને એનો પ્રત્યક્ષ અનુભવ કરાવી પૂ. માએ મારી આંખો ઉઘાડી.

અમે દશરથાચલની યાત્રામાં બીજા ભક્તો સાથે હતા ત્યારે પૂ. મા વિષેના બીજાઓના અનુભવોની ઘણી વાતો સાંભળી. આગળ ચાલતાં ચાલતાં પૂ. મહાત્માજી વિષે પણ ઘણું બધું જાણવાનું મળ્યું. અમે હરિદ્વાર તેમ જ દેવપ્રયાગ પણ ગયાં જ્યાં પૂ. મહાત્માજી તેઓનાં પૂ. માતાજી સાથે રહેલા.

દશરથાચલની યાત્રાનો આરંભ કરવાનો હતો, તે દિવસે વહેલી સવારે ૪.૩૦ વાગે અમે ઊઠી ગયાં. જો કે એ યાત્રા



મુશ્કેલ છે, પરંતુ અમે ચઢતી વખતે ‘શ્રી યોગેશ્વરાય નમઃ’ ‘મા શ્રી સર્વેશ્વર્યૈ નમઃ’ની ધૂન કરવાનું ચાલું રાખ્યું. આ યાત્રામાં ઘણા પ્રસંગોમાં અમને એવું અનુભવાયું કે જાણે પૂ. મા અમારી સાથે જ છે. ભલેને સ્થૂળદેહે ના હોય—પણ બીજા સ્વરૂપે છે. અમારા સહયાત્રીઓમાં એક બેન એવાં હતાં જેમને ચઢવામાં ખૂબ મુશ્કેલી અનુભવાતી અને તેઓ એકદમ હિમ્મત ખોઇ બેઠાં. એટલામાં જ મોબાઇલ ફોનની ઘંટડી વાગી, અરે પૂ. માનો જ એ ફોન હતો. પૂ. માએ તે બેનને થોડા ઉત્સાહ વધારનાર શબ્દો કહ્યા અને તે સાંભળી તેઓને ફરીથી ચઢવાની ઇચ્છા થઇ. (અને એ બેન ચઢી ગયાં) બીજી એક ઘટના એવી જોવામાં આવી કે એક સમડી એકાએક ચઢનાર બધા યાત્રીઓના માથા ઉપર ઉડી ચક્કર મારવા માંડી. મને લાગ્યું કે પૂ. મા જ જાણે અમારા ઉપર નજર રાખી રહ્યાં છે.

જ્યારે બધા ટોચ ઉપર આવી ગયા પછી અમે બેએક કિલોમીટર ચાલ્યા તો ત્યાં પાણી પડતું ઝરણું જોયું. હવે મને આ જોઇને આશ્ચર્ય થયું કે આટલી બધી ઉંચાઇ ઉપર પાણી ક્યાંથી ટપકતું હશે? જે હોય તે, પરંતુ શ્રી ચંપકભાઇ અને પૂ. મહાત્માજી જ્યાંથી પાણી મેળવતા તે આ જ સ્થાન હોવું જોઇએ. (પૂ. મહાત્માજીની આત્મકથામાં આનો ઉલ્લેખ છે.) ગમે તેમ પણ તે ખૂબ ધીમી ધારે ટપકતું. એટલે તો પૂ. મહાત્માજી સવારે ત્યાં પાણી ભરવા માટે ડબો મૂકી આવતા, તે માણ બીજા દિવસે ભરાઇ રહેતો. પરંતુ અત્યારે અમે ત્યાં ગયા ત્યારે પહેલાં કરતાં વધારે પ્રમાણમાં પાણી ટપકતું. એટલે અમે તે પીવા ભાગ્યશાળી થયાં. હું માનું છું કે આના કરતાં વધારે સ્વચ્છ પાણી અમે અગાઉ પીધું નથી. અમે અહીં પ્રણામ કર્યા અને સત્સંગ કર્યો, પછી પર્વત પરથી નીચે ઉતર્યાં.

બીજા દિવસે દેવપ્રયાગ છોડીને હરિદ્વાર જવાનું હતું, પરંતુ પાછા ફરતાં અમે ઋષિકેશ રોકાયાં ને લક્ષ્મણઝૂલા જોયું. હરિદ્વાર આવીને આર્યનિવાસમાં નીચે ગંગાપૂજનમાં ભાગ લીધો. પૂજા દરમ્યાન અમે ગંગામાને પ્રાર્થના કરતા હતાં કે હે મા, અમે જે પૂજા અને ભેટ તને ધરીએ છીએ, તે તમે સ્વીકારો. ત્યાં જ પૂ. માનો શ્રી દીપકભાઇના મોબાઇલ પર સંદેશો કે 'મેં તમારી બધી પૂજા અને ભેટોનો સ્વીકાર કર્યો છે' અમારા માટે પૂ. માનો આ બીજો ચમત્કાર હતો.

યાત્રાએથી અમે સ્વર્ગારોહણ પાછા આવ્યા ત્યારે પૂ. માએ અમારું સ્વાગત ખૂબ ભવ્ય રીતે—ફટાકડા, હવાઇઓ ફોડી, ગીતો અને ગરબા ગાઇને તેમ જ બધાંને આઇસક્રીમ અને ચોકલેટોના પ્રસાદથી કર્યું. બીજા કોઇએ કદી અમારું આવું સ્વાગત ના કર્યું હોત. પૂ. માએ જાણે અમને અમારી જાત માટે એવું ગૌરવ અનુભવરાવ્યું કે અમે કોઇ મોટી સન્માનિત મહત્ત્વની વ્યક્તિઓ ના હોઇએ?

એકંદરે આ અનુભવ જીવનમાં કદી ના ભૂલાય તેવો બની ગયો. આજે પણ મારા મનમાં તે એવો જ તાજો સચવાઇ રહ્યો છે. હું ઇચ્છું કે નજીકના સમયમાં અમે બીજું કાંઇ એવું કરીએ. હે મા, આપનો ખૂબ ખૂબ આભાર કે આવી સરસ ઉષ્માભરી ને આધ્યાત્મિક યાત્રાની તક પૂરી પાડી. આ યાત્રાના પરિણામે મારું જીવન ઘણી બધી રીતે બદલાયું છે જેનો મને ખૂબ આનંદ છે.

જય કૃપાળુ મા.

પ્રિયા શાહ, કેનેડા.



# Dashrathchal Yatra

**Siddhi Vallabh**

I have gone Through all the articles on Dasharatha Yatra, forwarded to me by Pujya Maa. By judging them impartially and judiciously, I have found this article of Siddhi Vallbh as the best and therefore recommend for its reading to every reader of this I congratulate her for her unusual understanding of essence of True Religion. **–Editor.**

To me, this whole trip was amazing. It was a once-in a life time opportunity. Everything was so well planned out and beautiful. To me, this experience was different. With all the different things that go on in our day such as school, work, house work, you tend to forget who you really are and where you come from. Maa helps in so many ways that sometimes you don't even notice. With her grace and Prabhuji supporting her every step of the way, she gives you opportunities to be with her. Her love brings you to her, either to a satsung, shibir, or yathra. In this yatra, I was given an opportunity to help me realise where I came from, who I am as a person, and where I fit in this world.

She helped me feel God within me, something I have been craving for a long time. She helped me feel that Prabhuji is here with us. Maa brings you to Yatra's

to teach you something new each time and the experience is different each time. Although Maa did not come on the Yatra, it did not mean that she was not physically there. Considering how difficult climbing this mountain was, if you were to ask any devotee that went they will all reply with the same answer, "Maa was there, we could feel Maa every step off the way as we were climbing. It felt as though Maa and Prabhuji helped us climb the mountain, and brought the mountain down to us."

When we look at Maa we can see her strength and her strengthe within her eyes. The way you look at Maa is also different. To her devotees she is a friend, a leader, a teacher, a mother and God. She can be all you need in life, it all depends on you. Maa to this day has not changed one bit. It is usually all the children and devotees that change, that get busy in their lives. But as a devotee it is your commitment to be with her to stay as her devotee. If you keep her in heart she too will keep you in her heart. This whole trip could not have been done without her strength and her devotion to us as a Mother. Maa is a loving and selfless person. She shows us that God is in everything. You just have to take the time to notice. Everything in some way can teach you something, you just have to look and listen. Sometimes when you are so busy with work you just need to take a 5 minute



break and sit and just think and rest your mind by thinking about God. We should thank God for all the things we have in our life, how everything that we need in life has been given to us by God. When I went to India I could feel God everywhere I went.

If you devote yourself to Maa, she will reimburse you with so much happiness and satisfaction. It is all up to you and it's in your hand to decide. May Maa be with everyone, and may everyone get a chance to climb Dashrathachal.

Jai Kruparu Maa.

વિવેકના વધારાથી સુખ છે, ને અવિવેકથી દુઃખ છે.

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# દશરથ યાત્રા

અનુ. : નારાયણ હ. જાની

પરમ પૂ. માએ દશરથયાત્રા વિષે જે બધા લેખો મોકલ્યા છે, તે હું જોઇ ગયો છું. નિષ્પક્ષપણે સરખામણી કરતાં મને શ્રી સિદ્ધિ વલ્લભનો આ લેખ ખરે જ ઉત્તમ લાગ્યો હોઇ, હું અધ્યાત્મના વાંચકોને તે વાંચી જવા ખાસ ભલામણ કરું છું. નાની વયમાં જ સાચા ધર્મના મર્મને સારી રીતે સમજવા બદલ તે નાની દીકરીને અભિનંદન આપું છું. **—તંત્રી**

મારા માટે આ સમગ્ર પ્રવાસ ખૂબ આશ્ચર્યચકિત કરનારો રહ્યો. અરે, આ તો જીવનમાં કદી એકાદવાર મળતી તક જેવો લેખાય. તે ખૂબ જ આયોજનયુક્ત અને સુંદર; પરંતુ મારે મન આ અનુભવ જુદા પ્રકારનો બની રહ્યો. આપણી રોજની જુદી જુદી પ્રવૃત્તિઓ જેવી કે શાળાએ જવું, ઘરકામ કે બીજાં કામો કરવામાં આપણે ખરેખર કોણ છીએ અને ક્યાંથી આ પૃથ્વી પર આવ્યા, શા માટે આવ્યા એ વિચારવાનું ભૂલી જઇએ છીએ. પૂ. મા તમને ઘણી બધી રીતે મદદ કરતાં હોય છે, જેની કેટલીકવાર તમોને ખબર પડતી નથી. તેમનું સાન્નિધ્ય માણવાની તકો મળે છે તેમાં પૂ. માની કૃપા અને પૂ. ગુરુદેવનું અનુમોદન કામ કરતું હોય છે. પૂ. માનો પ્રેમ જ તમને તેમની નજીક લાવવામાં કારણભૂત હોય છે. પછી ભલે તે સત્સંગ, શિબિર કે યાત્રાનિમિત્તે હોય. આ યાત્રામાં મને એ અનુભવવાની તક મળી કે હું ક્યાંથી આવી, મારું સાચું સ્વરૂપ વ્યક્તિ તરીકે શું છે અને આ દુનિયામાં મારે ક્યાં ગોઠવાવાનું છે.

પૂ. માએ મને મારામાં રહેલ ભગવાનને ઓળખવામાં મદદ



કરી, જેની ઝંખના ઘણા સમયથી કરી રહી હતી. વળી પૂ. ગુરુદેવ અહીં આપણી સાથે જ છે, તે અનુભવવામાં પણ સહાય પહોંચાડી. તમને દરેક વખતે કંઇક નવું જ શીખવવાના હેતુથી પૂ. મા તમને યાત્રામાં લઇ જાય છે, જેથી દરેક વખતે જુદો અનુભવ થતો રહે. જો કે પૂ. મા ભલે યાત્રામાં જોડાયાં ન હતાં પરંતુ એનો અર્થ એવો નથી કે તેઓ ભૌતિક સ્વરૂપે અમારી સાથે ન હતાં, પર્વત પરની આ ચઢાઇ કેટલી બધી મુશ્કેલ હતી તે ગણનામાં લેવામાં આવે તો અને જે બધા યાત્રામાં જોડાયા તેમાંના કોઇને પણ પૂછો તો, તમને એક જ જવાબ મળશે કે "ચઢાઈનાં દરેક પગથિયે ચઢતાં અમને એ અનુભવ થયો કે પૂ. મા પણ અમારી સાથે જ હતાં." એવું લાગ્યું કે પૂ. મા અને પ્રભુએ પર્વત ચઢવામાં મદદ કરી એટલું જ નહિ, જાણે પર્વતને જ નીચે અમારી પાસે લાવી દીધો.

પૂ. માની સામે આપણે જોઇએ ત્યારે તેમની શક્તિનું ખાસ કરી તેમની આંખોમાં, તમે પૂ. માનું દર્શન જેવા ભાવથી કરશો તેવા જુદા જુદા ભાવ પ્રમાણે જુદું જુદુ થશે. તેમના ભક્તોના તેઓ મિત્ર, શિક્ષક, આગેવાન, મા, અને ભગવાન છે. તમારે જીવનમાં બધાની જરૂર છે તે બધું તેઓ છે. તમારા ભાવ પર જ તેનો આધાર છે. પૂ. મા માં તો આજદિન સુધી કોઇ જરાસરખું પરિવર્તન થયું નથી. તેઓ તો તેનાં તે જ છે. મોટે ભાગે બાળકો ને ભક્તોના ભાવ બદલાતા રહે છે, કારણ કે તેઓ તેમના સાંસારિક જીવનમાં વ્યસ્ત થઇ જાય છે. કિન્તુ એક ભક્ત તરીકે તમારી એ ફરજ બની રહે છે કે તમે તેના સાચા ભક્ત બની રહો. જો તમે તેમને તમારા હૃદયમાં રાખશો તો તેઓ તમને તેમના હૃદયમાં રાખશે. આ આખી યાત્રા પૂ. માની શક્તિની

અને એક મા તરીકેની એમની ભક્તો પ્રત્યેની કરુણા સિવાય શક્ય જ ન બની હોત. પૂ. મા તો એક નિઃસ્વાર્થ ને પ્રેમી વ્યક્તિ છે. તેઓ આપણને દર્શાવી રહ્યાં છે કે ભગવાન દરેક વસ્તુમાં છે. તેનું નિરીક્ષણ કરી અનુભવ કરવાનો તમારી પાસે સમય જોઈએ, જો સભાનતાપૂર્વક નિરીક્ષણ કરશો ને ધીરજથી સાંભળશો તો જણાશે કે દરેક વસ્તુ તમને કંઇ ને કંઇ બોધ આપી રહી છે. કદીક જ્યારે તમે કામમાં ખૂબ વ્યસ્ત હોવ ત્યારે તેમાં માત્ર પાંચેક મિનિટનો વિરામ લઇ શાંતિથી બેસો અને ભગવાનનો વિચાર કરતાં આરામ ફરમાવો. ભગવાને આપણને જે કંઇ જોઈએ છે તે બધું જ તેણે આપ્યું છે તે બદલ તેનો ખૂબ ખૂબ આભાર માનો. હું જ્યારે ભારતમાં ગઇ ત્યારે મને ખરે જ ભગવાનના અસ્તિત્વનો અનુભવ હું જ્યાં જ્યાં ગઇ ત્યાં ત્યાં થયો.

જો તમે પૂ. માને શરણે જશો તો તેઓ તમને સુખ અને સંતોષથી ભરી દેશે. હવે તમારે શું કરવું તે તમારા હાથમાં છે. ઈચ્છું કે પૂ. મા બધાં સાથે હોય અને બધાંને દશરથાચલ ચઢવાની તક સાંપડજો.

જય કૃપાળુ મા.

સિદ્ધિ વલ્લભ.



# અંબાજી ખાતેનો નવરાત્રિ જપયજ્ઞ સંપન્ન

**વિનુભાઇ અમીન**

આ વર્ષે દર વર્ષની જેમ અંબાજીના સ્વર્ગારોહણ ખાતે જપયજ્ઞમાં પ્રારંભથી જ ૨૫ જેટલાં સાધક ભાઈબહેનો હાજર થઇ ગયેલાં. તો આખી નવરાત્રિ દરમ્યાન કુલ ૫૦ જેટલા સાધકોએ તેમાં ભાગ લીધો.

સવારે ૬—૩૦ થી શરૂ થતા આ જપયજ્ઞમાં પ્રભાતવંદના પછી અર્ધોકલાકની ધ્યાનની બેઠક થતી. પછી સમૂહમાં પ્રણામ અને પ્રાર્થના. વ્યક્તિગત સાધના માટે સવાર—સાંજ સાડાચારથી પાંચ કલાક રહેતા. તેમાં સાધક ભાઈબહેનો પોતે લીધેલ નિયમો પ્રમાણે મૌન રાખી, પોતાના જપ, ધ્યાન, પ્રણામ અને પ્રદક્ષિણાના વધારાના નિયમો પૂરા કરતા.

દરરોજ પૂ. શ્રીના પ્રવચનની એક કેસેટના શ્રવણ ઉપરાંત બદ્રીનાથ પદયાત્રાની કેસેટ તેમ જ હિમાલયના આંતરિક સ્થાનોના સુંદર ફોટાઓ પણ વિડિયોદ્વારા બતાવવામાં આવતા.

નવરાત્રિ હોય એટલે ગરબા તો હોય જ. આ ગરબાઓમાં બધા સાધક ભાઈબહેનો ભાગ લઇ આનંદ અનુભવતા. રોજ રાતે બાવની સાથે નવાં પદો ગવાતાં, તો પૂ. માએ વિદેશથી ફોન ઉપર સંભળાવેલ નવી રચના શ્રી દમયંતીબેને ગાઇને જાણે પૂ. માની પ્રત્યક્ષ ઉપસ્થિતિનો અહેસાસ કરાવ્યો. તો એક દિવસ સમૂહમાં અંબાજીના મંદિરે જઇ દર્શન કરી ત્યાં પૂ. મા—પ્રભુનાં ભજનો ગાઇ આનંદ મનાવ્યો.

છેલ્લા દિવસે શ્રી સરોજબેન કાકાએ સર્વે સાધકોને મિષ્ટાન્ન

ભોજન જમાડી, નવરાત્રિની પૂર્ણાહુતિ સરસ રીતે કરાવી.

★ ★ ★

વિદેશથી ફોન ઉપર પૂ. માએ રચેલ નવાં પદોની જે પ્રસાદી મળી તે પદો માણીએ.

ૐ મા–પ્રભુ

અમે પધાર્યા રે હે પ્રાણ પ્યારા.

બારણા ઉઘાડીને અંદર તેડી લો,
વિલંબ કરશો ના, લાજ લગાવો,
હાં...રે અમે સંત સગપણને બાંધ્યા. પધાર્યા રે.

સ્વીકારવાનું સત્કર્મ કરજો,
આશા અમારી અકબંધ રાખજો,
હાં...રે અમે યોગેશ્વરના પડછાયા. પધાર્યા રે.

ભિક્ષાની ઝોળીમાં દર્શન દેજો,
મહા પ્રસાદીમાં પાસે જ રાખજો,
હાં...રે અમે જનમો જનમના ભૂખ્યા. પધાર્યા રે.

દ્વાર ઉઘાડી દીવાળી મનાવજો,
આશિષ ધરજો ને સાથે રમાડજો,
હાં...રે અમે શ્રી અંકે ઠરવા આવ્યા. પધાર્યા રે.

સંતની ઓરડીએ અમને ઉતારજો,
નિત નવી સેવાનું ભાથુ બંધાવજો,
હાં...રે અમે સર્વેશ્વરી સાથે ફાવ્યા. પધાર્યા રે.

**(પ્રત્યુત્તર)**

★ ★ ★



આવ્યા જાણીને હરિ હરખાયા,
નવડાવીને નવલા રે કીધા,
સંસારી ઘાને રૂઝાવી દીધા,
મસ્તકે હેતના હાથ રે દીધા, આવ્યા જાણીને.
બાહુ પ્રસારી બાથમાં લીધા,
હરિરસ પાવાને આસન દીધા, આવ્યા જાણીને.
જન્મ મરણના રમકડાંને તોડ્યા,
અગમના અંકે પોઢાવીને માર્યા, આવ્યા જાણીને.
મા સર્વેશ્વરીએ અનુભવે જાણ્યા,
યોગેશ્વર રૂપ પરખી સમાયા, આવ્યા જાણીને.

**(૨ જી ઓક્ટોબર ત્રીજી નવરાત્રી,**
**અમેરિકાથી 'મા'ની પ્રસાદી)**

★ ★ ★

(રાગ : હરિ લાવ્યા સર્વેશ્વરી માતને)

મા સર્વેશ્વરીનો નાથ રે ધરે શક્તિ અખંડ અમાપ,
દિવસે સૂર્ય સ્વરૂપ સજીને રાત્રે એ ચંદ્ર બનીને,
કરે રક્ષા એ તો દિનરાત રે, ધરે શક્તિ.
તુંબી પોલી કડવી હતી જે મધુર રસથી છલકાતીએ
ચંદ્રરૂપે રેલાતો નાથ રે, ધરે શક્તિ.
વેરાન હતી જીવન ધરતી હરીયાળી જેણે ક્ષણમાં કીધી,
બન્યો એ જ વળી ઋતુરાજ રે, ધરે શક્તિ.
પાષાણ સમી જીંદગી મારી, શીતળ સરવાણી પ્રગટાવી,
બન્યો પોતે જ તીર્થરાજ રે, ધરે શક્તિ.
સર્વેશ્વરીમાં એ ઝળહળતો, પળપળ વહેતો ત્યાં જ એ ઠરતો,
પરખી લો ઉઘાડી આંખ રે, ધરે શક્તિ.

# આધ્યાત્મિક એટલે કોણ?

અરુણ યાર્દી

આમ તો પ્રત્યેક માનવી આધ્યાત્મિક છે. શરીર, મન, બુદ્ધિ અને આત્માનું બંધારણ એટલે માનવી, તેથી પ્રત્યેક માનવી જન્મથી આધ્યાત્મિક છે જ, પરંતુ મોટા ભાગના લોકોને તે અંગેની જાણ કે સભાનતા હોતી નથી અને જેમને જેમને સભાનતા હોય છે તેમાંના કોઇક જ સાચા અર્થમાં આધ્યાત્મિક હોય છે.

### ગેરસમજો

જેમને જેમને સભાનતા છે તેમાંથી મોટાભાગનાને તે અંગેની ગેરસમજો હોય તેવું લાગે છે. જો સાચી સમજ ન હોય તો, ભૌતિકતાની માયાજાળ હોય તેમ આધ્યાત્મિકતાની પણ માયાજાળ બની શકે છે. આપણા સમાજમાં આધ્યાત્મિકતા અંગેની ઘણી બધી ગેરસમજો પ્રવર્તે છે. તેમાંની કેટલીક નીચે પ્રમાણે છે.

**આશ્રમ—ગુફા :** આપણે જાણે અજાણે આધ્યાત્મિકતાને અનિવાર્યપણે આશ્રમ—ગુફા સાથે જોડી દીધાં છે. આધ્યાત્મિક માણસ આશ્રમ—ગુફામાં જ રહે એવી આપણી સમજ છે. તે બંગલામાં, ફ્લેટમાં કે ઝૂપડીમાં ન રહી શકે. કોઇ ફ્લેટમાં રહેનાર આધ્યાત્મિક કઇ રીતે હોઇ શકે?

**પહેરવેશ :** આધ્યાત્મિકતાને આપણે નિશ્ચિત પહેરવેશ સાથે પણ જોડી છે. ભગવાં વસ્ત્રો, ધોતિયું, લેંઘો ઝભ્ભો, માળા, લાંબા વાળ, કપાલ પર તિલક...જેવી અસંખ્ય બાહ્ય બાબતો સાથે આપણે આધ્યાત્મિકતાને સાંકળી દીધી છે. પેન્ટ—શર્ટ



પહેરનાર આધ્યાત્મિક હોય એમ માનવામાં આપણને મુશ્કેલી પડે છે.

**ખોરાક :** આધ્યાત્મિક માણસ હંમેશા તદ્દન સાદો જ ખોરાક ખાય છે એવી આપણી ગેરસમજ છે. સાદો ખોરાક અને આધ્યાત્મિકતા વચ્ચે સીધો સંબંધ હોવા છતાં સાદો ખોરાક આધ્યાત્મિકતાની પૂર્વ શરત છે એવું જરા પણ નથી. ભજિયાં—ગોટા ખાનાર આધ્યાત્મિક હોય એવી બાબતને આપણે પચાવી શકતા નથી. આધ્યાત્મિક માણસ ફળ ખાતો હોય, દૂધ પીતો હોય, જ્યુસ પીતો હોય અને એ સિવાય બીજું કાંઇ ન ખાતો હોય તેવી આપણી માન્યતા બની ગઇ છે. આધ્યાત્મિક માણસ પાનના ગલ્લેથી પાન લઇને ખાય તો આપણે ચોંકી જઇએ છીએ.

**ભાષા :** આધ્યાત્મિક માણસની ભાષા પણ બહુ અઘરી અને અટપટી હોવી જોઇએ એવી પણ આપણી ગેરસમજ છે. તદ્દન સાદી, અસ્પષ્ટ, ગામઠી ભાષા બોલનાર આધ્યાત્મિક હોય તે હકીકતને આપણે પચાવી શકતા નથી.

**બધાથી અલગ :** આપણી સૌથી મોટી ગેરસમજ એ પણ છે કે આધ્યાત્મિક માણસ બધાથી અલગ તરી આવનારો જ હોવો જોઇએ. તેનો મોભો બીજાથી ઘણો ઊંચો હોવો જોઇએ. તેનું સ્થાન પણ બીજાથી અલગ હોવું જોઇએ. આપણી ગેરસમજ એ છે કે આધ્યાત્મિક માણસ આપણામાંનો એક હોઇ ના શકે. આપણો મિત્ર, આપણી પત્ની, આપણો પતિ, આપણા માતા—પિતા, આપણું સંતાન, આપણી ઓફિસમાં સાથે બેસનાર, બસ—ટ્રેનમાં સાથે મુસાફરી કરનાર આધ્યાત્મિક હોઇ ન શકે તે આપણી ગેરસમજ છે.

### સાચી ઓળખ

વાસ્તવિકતા જુદી જ છે. સૌથી પહેલી વાત તો એ છે કે આધ્યાત્મિકતા એ કોઇના પણ અધિકારની વાત છે. તે કોઇ વિશેષ દરજ્જો નથી—સામાન્ય રહેણીકરણી અને આધ્યાત્મિકતાને કોઇ વિરોધાભાસ નથી—ખરેખર તો અંદરનું જોડાણ અથવા આત્મા સાથેનું જોડાણ અથવા પોતાનું ઇશ્વર સાથેનું જોડાણ અથવા પોતાની જાત સાથેનું જોડાણ એટલે જ અધ્યાત્મ. આધ્યાત્મિક માણસ મૂળ સ્રોત સાથે જોડાયેલો હોવાથી તે હંમેશા આનંદમાં અને મસ્તીમાં રહે છે. તે મારા—તમારા જેવો જ હોય છે—ટોળામાંનો એક. તેના કપાળ પર કોઇ વિશેષ લેબલ લાગેલું હોતું નથી. આપણને મળનાર કંડક્ટર, શાકવાળો, દૂધવાળો, રિસેપ્શનિસ્ટ, ગૃહિણી, મોચી, લુહાર, મિકેનિક, ઝાડુવાળો, કામવાળી બાઇ, પોસ્ટમેન, પોલીસ-વાળો...કોઇ પણ માણસ આધ્યાત્મિક હોઇ શકે છે. આવા લોકોના મોઢે અનેકવાર જીવનનું સત્ય સરળ ભાષામાં સાંભળવા મળે છે તે આપણા સૌનો અનુભવ છે.

જેની ભાષા સરળ છે, જે બધામાં ભળી શકે છે, જે નિઃસ્વાર્થ છે, જે પોતાની મસ્તીમાં છે, જે હંમેશા આનંદમાં છે, જેને કોઇની સામે ફરિયાદ નથી...તેવો સીધો સાદો માણસ ખરા અર્થમાં આધ્યાત્મિક છે. તેને ગમે ત્યાં બેસાડો, ગમે તે પરિસ્થિતિમાં રાખો, ગમે તે ખોરાક આપો...તેનું વર્તન નિરંતર એકસરખું રહે છે—આહ્લાદક. આવી વ્યક્તિ જ્યાં હોય ત્યાં પ્રસન્નતા અને શાંતિનું સામ્રાજ્ય હોય છે.

તેથી આધ્યાત્મિકતાને ગુફા—આશ્રમમાં શોધવાને બદલે, વિશેષ વ્યક્તિત્વમાં શોધવાને બદલે આપણી આસપાસ તે જલદી મળી જશે. શોધવાની પણ જરૂર નથી; જરૂર છે તેને પારખવાની દૃષ્ટિની, કારણ કે સાદી અને સરળ હકીકત એટલી જ છે કે સારો માણસ એટલે આધ્યાત્મિક માણસ. ○



# એક યાદગાર મુલાકાત

—પ્રતીક્ષા દિલીપ મહેતા

તે દિન મારે માટે ધન્ય હતો! મનમાં ખૂબ મૂંઝવણ હતી. ચિત્ત ભટકતું હતું. શાંતિ ઝંખતું હતું. પિતાશ્રીની સાથે યોગેશ્વરજીની પ્રેમકુટિરમાં પહોંચ્યા. ખરેખર! આધ્યામિક પ્રેમનો વાસ તો પ્રેમકુટિરમાં હોય ને! ''તમે શું ભણ્યા છો?'' એક નાનકડો સવાલ....

પૂ. શ્રીના શ્રીમુખેથી નીકળ્યો.

'એમ. એ.' મેં જવાબ આપ્યો.

'ક્યા વિષયમાં?' ''ફિલોસોફી''

'' નો અર્થ જાણો છો?'' યોગેશ્વરજીએ પૂછ્યું.

મેં કહ્યું, ''હા. ''

તેનો આધ્યાત્મિક અર્થ જાણો છો? મેં કહ્યું, 'ના'

તેમણે મીઠું મલકાઇને જવાબ આપ્યો, અમારા માટે એટલે ફક્ત માટેનો નહીં, પ્રાણીમાત્ર પ્રત્યેનો જગતના તમામ જીવજંતુ માટેનો પ્રેમ. નાનો એવો જવાબ હતો. પણ તેનો અર્થ કેટલો બધો ગૂઢ હતો! એમના આ શબ્દ મારા માનસ પર સદા માટે અંકિત થઇ ગયા. આજ દિન સુધી આ શબ્દોને જીવનમાં ઉતારવા કોશિષ કરી રહી છું. પણ ક્યાંક અહં. મોહ ને હું ની દિવાલ વચમાં આવી જાય છે. આપણી દૃષ્ટિ ક્યારે તેમના જેટલી વિશાળ બની શકશે? તે માટે તો યોગેશ્વરજીના અંતરના આશીર્વાદની જરૂર છે.

# સૈનિક મહારાજ

ભાણદેવજી

કેદારનાથથી પાછા ફરતાં, બસના કન્ડક્ટરને અમે કહી રાખ્યું હતું. ''અમારે મદમહેશ્વર જવું છે. મદમહેશ્વરની પગદંડી જે સ્થાન પાસેથી નીકળે છે, તે સ્થાન પર બસ રોકજો. અમારે તે પગદંડી પર જવું છે.'' તે પ્રમાણે કન્ડક્ટરે બસને રોકી. કેદારનાથથી પાછા ફરતાં બસ રસ્તા પર ગુપ્તકાશી આવે તે પહેલાં ત્રણેક કિલોમિટરના અંતરે બસ થોભી હતી. એક નાનું બોર્ડ મૂક્યું છે—

**''मद महेश्वर जानेका पैदल मार्ग''**

અમને ઉતારીને બસ આગળ ચાલી. અમે પગદંડી પર પગપાળા આગળ ચાલ્યા. બપોરે કાલીમઠમાં પહોંચ્યાં. ભગવતી મહાકાલીનાં દર્શન—પૂજન અને ભોજન કરી અમે આગળ ચાલ્યા. રાત્રે 'રાક્કા' પહોંયા. ભગવતી રાકેશ્વરીના દર્શન કરી, રાત્રિનિવાસ ત્યાં જ કરી બીજે દિવસે સવારે આગળ ચાલ્યા. બપોરે લગભગ બાર વાગ્યે 'ગંતૌલી' નામના એક સ્થાનમાં પહોંચ્યા.

મદમહેશ્વર પંચકેદારમાંનું દ્વિતીય કેદાર છે. મદમહેશ્વરના રસ્તા પર આ 'ગંતૌલી' છેલ્લું સ્થાન છે. અહીંથી આકરી ચઢાઈનો પ્રારંભ થાય છે. ગંતૌલીથી મદમહેશ્વર સુધીનો રસ્તો બહુ કઠિન છે. આકરી ચઢાઈનો પંથ છે. યાત્રીઓ આ આકરી ચઢાઈનો પ્રારંભ કરતાં પહેલાં અહીં ભોજન—આરામ માટે થોડું રોકાય છે, અને પછી બરાબર સજ્જ થઈને આગળ વધે છે.



ગંતૌલી કોઈ ગામ નથી, વસતી નથી. 'ગંતૌલી' એક સ્થાનનું નામ છે. વસ્તુતઃ મદમહેશ્વરના ઉત્તુંગ પહાડની આ તળેટી છે. રાક્કાથી વહેલી સવારે નીકળીને અમે બપોરે અહીં પહોંચ્યા. માનવવસતી તો ક્યારની પાછળ રહી ગઈ હતી. આ આખો માર્ગ અતિ રમણીય છે. ગંતૌલીમાં થોડો વિશ્રામ કરીને આગળ ચાલવાની અમારી ગણતરી છે. ગંતૌલીમા શું હશે તે અમે જાણતા નથી, પરંતુ પહોંચ્યા ત્યારે દૂરથી જ કળાયું કે બે મકાનો છે. બે પહાડની વચ્ચે થોડી ખુલ્લી જમીન છે. બે ત્રણ નાનાં ખેતરો છે. ડાંગરનો પાક લહેરાય છે. બાજુમાંથી જ એક નદી વહે છે. આ નદી મદમહેશ્વરમાંથી નીકળીને અહીં આવી છે, તેમ અમે જાણ્યું છે.

અમે બે માળના પહેલા મકાનના પ્રાંગણમાં જઈને ઊભા રહ્યા. કાળા રંગનો, લાલ આંખો વાળો, કદાવર કૂતરો અમારી સામે જોઈને જોર શોરથી ભસવા માંડ્યો. સાંકળે બાંધ્યો હતો. એટલે અમે નચિંત હતા. તેનો રીંછ જેવો રંગ, લાંબા વાળ, લાંબી બહાર લટકતી લાલ જીભ તેની ભયંકરતામાં વધારો કરતાં હતાં. ભસવા ઉપરાંત બે પગ પર ઊભા થઈને આ શ્વાનમહારાજ કૂદકા પણ મારતા હતા. તેના ગળામાં એક લોખંડનો પટ્ટો બાંધ્યો હતો. આ પટ્ટાની ચારેબાજુ લોખંડના અણીદાર ખીલા જડેલા હતા. આ લોખંડનો અણીદાર ખીલાવાળો પટ્ટો કૂતરાની સલામતી માટે પહેરાવ્યો હતો. હિમાલયમાં દીપડાઓ ખૂબ છે. રાત્રે આ દીપડાઓ શિકાર માટે માનવવસતીમાં પણ આવી ચડે. ગાય, વાછરડું, ઘેટું કે બકરું અને ક્વચિત માનવનો શિકાર પણ દીપડા કરે છે. કૂતરાઓ અહીંની માનવ વસાહતોમાં ચોકીદાર તરીકે કામ કરે છે.

દીપડાઓ આવે એટલે જોરજોરથી ભસીને કૂતરો સૌને સાવધાન કરી દે છે. આ શોરબકોરને બંધ કરવા માટે દીપડો કૂતરાને ગળાથી પકડી લે છે. આ લોખંડના અણીદાર ખીલાવાળો પટ્ટો દીપડાને તેમ કરતાં રોકે છે. અણીદાર ખીલા જીભમાં વાગવાથી દીપડો કૂતરાને છોડીને ભાગે છે. આ રીતે આ ખાસ બનાવટનો પટ્ટો કૂતરાઓનું દીપડાઓથી રક્ષણ કરે છે.

બાંધેલો હોવા છતાં કૂતરાનું ભસવું સાંભળીને અને તેના કૂદકા જોઇને અમે અટકી ગયા. અમે બહાર ઊભા ઊભા જ બૂમ પાડી "કોઇ છે અઁદર?" અંદરથી એક સજ્જન બહાર આવ્યા. હિમાલયના ખેડૂતો પહેરે છે તેવો પહેરવેશ તેમણે પહેર્યો હતો. ઊનનો ચોરણો, પહેરણ, કોટ અને માથા પર ઊનની ટોપી ધારણ કરી હતી. ઊજળો ગૌર વર્ણ, સૌમ્ય આકૃતિ જોઇને મન પ્રસન્ન થયું. 'આઇયે મહારાજ' કહીને તેણે અમારું સ્વાગત કર્યું. પછી તુરત કૂતરા તરફ વળ્યા અને તેને મુખથી પુચકારીને, હાથથી થબથબાવીને શાંત કર્યો. માલિકના અમારી સાથેના મૈત્રીપૂર્ણ વ્યવહારથી કૂતરો સમજી ગયો કે આ બંને આગંતુકો દુશ્મનો નહિ, પરંતુ મિત્રો છે અને તેથી ભસવાને નહિ, પરંતુ પૂંછડી હલાવીને સ્વાગત કરવાને પાત્ર છે. કૂતરો ભસતો બંધ થયો, અને પૂંછડી હલાવીને તથા માથું ઊંચું નીચું કરીને અમારું સ્વાગત કરવા લાગ્યો.

કૂતરાને શાંત કરીને તે સજ્જન પુરુષે ફરીથી અમારું સ્વાગત કર્યું, 'આઇયે મહારાજ, આઇયે' લાકડાની બે સાદી ખુરશીઓ પર અમને બેસાડ્યા. અને તેઓ હાથ જોડીને બોલ્યા, 'કહિયે મહારાજ, મૈં આપકી ક્યા સેવા કર શકતા હૂં?' અમને લાગ્યું આ પુરુષની ભલાઇ અને સરળતા તો હિમાલયન જ છે, પરંતુ તેમની રીતભાત અને વાણી પરથી લાગે છે કે તેઓ અહીંના માત્ર ખેડૂત નથી. તેમનું કોઇક સ્વરૂપનું વિશેષ શિક્ષણ થયું છે.



અમે તેમને અમારો પરિચય આપ્યો. અમારે આજે મદમહેશ્વર જવું છે, તે પણ સમજાવ્યું. આટલી ભૂમિકા પછી અમે તેમને શક્ય હોય તો અમારા ભોજનની વ્યવસ્થા કરવા વિનંતી કરી. તેમણે પ્રસન્નતાપૂર્વક કહ્યું, 'અરે, અભી બના દેતા હૂઁ, મહારાજ!' અમે અમારો સામાન ઓશરીના એક ખૂણામાં ગોઠવ્યો, અને નદીકિનારે હાથ–મોં ધોવા માટે ગયા. અમે હવે નિરાંતે આ સ્થાનનું નિરીક્ષણ કર્યું. ખૂબ ઊંચા પહાડોની વચ્ચે અહીં થોડી સપાટ જમીન છે. સામેના પહાડને ઘસાઇને જ એક નાની નદી વહી રહી છે. પહાડો વૃક્ષવનરાજીથી ભરપૂર છે. નદીના અમારી તરફના કિનારા પર સપાટ જમીનમાં ત્રણ ખેતરો બનાવેલાં છે. ડાંગર વાવેલી છે. બે પહાડના મિલન સ્થાન પર થોડી ઊંચી જગ્યા પર બે મકાનો છે, જેમાંના એક મકાનમાં અમારા આ યજમાન રહે છે. તેમના મકાનની પાછળ એક બીજું મકાન છે, જે બંધ હોય તેમ જણાય છે. આ બે મકાનો સિવાય અન્ય કોઇ ત્રીજું મકાન અહીં નથી. અમે જે રસ્તેથી આવ્યા તે રસ્તા પર જે છેલ્લું ગામ આવ્યું હતું તે અહીંથી ત્રણ ચાર કિલોમિટર દૂર હશે. અહીંથી આગળ મદમહેશ્વર સુધીમાં કોઇ માનવવસતી નથી. મદમહેશ્વરમાં પૂજારી અને બીજા બે ત્રણ માણસો જ રહે છે. આ સ્થાનમાં એકલા જ વસનાર આ મહાનુભાવ કોણ છે? તેઓ અહીં એકલા જ કેમ વસ્યા છે? તેમના સાત્ત્વિક અને પ્રસન્ન વ્યક્તિત્વને જોઇને અમને લાગ્યું– હો ન હો, આ કોઇ ખાતાનો (અધ્યાત્મનો) જીવ લાગે છે!

ખેડૂતના વેશમાં આ કોઇ અધ્યાત્મનો પથિક લાગે છે.

અમે થોડીવાર નદીકિનારે, ખેતરોની આજુબાજુ ફરીને, અમારા યજમાનના ઘરમાં પ્રવેશ્યા. રસોડામાં એક સાથે ત્રણ ચૂલા પર દાળ, ભાત અને શાક મૂકેલાં હતાં, અને અમારા યજમાન રોટલીનો લોટ બાંધતા હતા. અમે તેમને પૂછ્યું, 'અમે આપને કાંઇ મદદ કરી શકીએ?' તેમણે એક તપેલામાં બટાટા બાફવા માટે મૂક્યાં હતાં. તે તપાસી જોયાં. બટાટા બફાઇ ગયાં હતાં. તેમણે અમને બટાટાની છાલ ઉતારવાનું અને પછી શાક સુધારવાનું કામ સોંપ્યું. અમારામાંના એક, ચૂલામાં લાકડા સંકોરવાના કામમાં પરોવાયા. રસોઇ તૈયાર થઇ. અમારા યજમાને અમને બહુ પ્રેમથી, જાતે પીરસીને જમાડ્યા.

રસોઇ બનાવતી વખતે અને ભોજન કરતી વખતે તેમની સાથે અમારી વાતો ચાલી. આ વાતો પરથી અમને અમારા આ યજમાનનો પરિચય થયો.

અમારા યજમાન એક ભૂતપૂર્વ સૈનિક છે. તેઓએ એક કરતાં વધુવાર યુદ્ધમાં ભાગ પણ લીધો છે. આવો સંત જેવો પુરુષ સૈનિક હોઇ શકે? હોઇ શકે. મેં મારી ભારતયાત્રા દરમિયાન અનેક સંત જેવા સૈનિકો જોયા છે. મને સોક્રેટીસનું સ્મરણ થયું. ડેલ્ફીની દેવીએ જેમને ગ્રીસના સૌથી મોટા જ્ઞાની પુરુષ જાહેર કરેલા તે ડહાપણના દરિયા જેવા સંત સોક્રેટીસ પણ એક યોદ્ધા હતા, વીર યોદ્ધા હતા અને અનેક યુદ્ધો પણ લડ્યા હતા.

અમારા આ યજમાનનું નામ તો મેં પૂછ્યું નથી, પરંતુ અમે એમને સૈનિક મહારાજ તરીકે યાદ રાખ્યા છે. આ સૈનિક મહારાજ ગૃહસ્થ છે. તેમનાં ધર્મપત્ની અને સંતાનો અહીંથી ત્રણ



ચાર કિલોમિટર દૂર આવેલાં ગામમાં રહે છે. ત્યાં તેમની ખેતી અને પશુઓ પણ છે. આપણા આ સૈનિક મહારાજ એકાંતપ્રિય પુરુષ છે, અને અધ્યાત્મપથના પથિક છે. પોતાના અધ્યાત્મ સાધન માટે આવશ્યક એકાંત મેળવવા માટે અને સાંસારિકતાથી અળગા પડવા માટે તેમણે આ રમણીય એકાંત સ્થાનમાં પોતાનું આ મકાન બનાવ્યું છે. પાછળ રહેલું મકાન એક ધર્મશાળા છે. આ ધર્મશાળા બંગાળના કોઇ હિમાલય–પ્રેમી સજ્જને બનાવી છે, અને તેનો વહીવટ પણ આ સૈનિક મહારાજને સોંપ્યો છે.

સૈનિક મહારાજનો જન્મ હિમાલયમાં અહીં જ થયો છે, ઉછેર પણ અહીં જ થયો છે, એટલે તેમનામાં જન્મજાત પ્રમાણિકતા, સરળતા, ભલાઇ આદિ હિમાલયન સદ્ગુણો તો હોય જ. ગઢવાલ રેજિમેન્ટમાં હોવાથી સૈનિક તરીકેની ફરજ પણ મહદ અંશે અહીં હિમાલયમાં જ અદા કરી છે. નિવૃત્ત થયા પછી તેઓ અહીં એકાંતમાં રહે છે.

એક સંન્યાસી મહારાજ પાસેથી મંત્ર દીક્ષા પણ લીધેલી છે. એકાંતમાં મોટાભાગનો સમય તેઓ સાધન અને સ્વાધ્યાયમાં ગાળે છે. કોઇ યાત્રી માગણી કરે તો તેમને ભોજન, ચા–કોફી બનાવી આપે છે. યાત્રી આપવા ઇચ્છે તો તેનું મૂલ્ય ચૂકવી શકે છે, અન્યથા આપણાં આ સૈનિક મહારાજ તો સંત તુકારામ જેવા વેપારી છે. મદમહેશ્વર પંચકેદારમાંનું એક કેદાર છે, મહત્ત્વનું હિમાલયન તીર્થ છે, તેથી આ રસ્તે સાધુસંતોનો આવરોજાવરો રહે છે, કોઇ સંત પધારે એટલે આપણા આ સંત સૈનિક મહારાજને ગોળનાં ગાડાં! સાધુ માટે ભોજન, ચા રહેઠાણ–બધી વ્યવસ્થા વિના મૂલ્યે અને ભાવપૂર્વક કરે છે. ગાંજો પણ રાખે, અને કોઇ સાધુબાબાને ગાંજાની જરૂર હોય તો તે પણ આપે!

તેમની સાધુ સેવાનો એ પણ એક ભાગ છે. સાધુ સંત આવે એટલે સત્સંગ થાય. સૈનિક મહારાજને મન સૌથી મોટી વાત આ સાધુસંગ અને સાધુઓ સાથે સત્સંગ છે.

મકાનની પાછળ રહેલી ધર્મશાળાની ચાવી તેમની પાસે જ રહે છે. કોઇ સાધુસંત કે અન્ય યાત્રી રોકાવા ઇચ્છે તો તેમને રૂમ ખોલી આપે છે.

તેમનાં ધર્મપત્ની અને સંતાનો બાજુના ગામમાં પોતાના જૂના, વંશપરંપરાના મકાનમાં જ રહે છે. હિમાલયમાં મોટે ભાગે ઘરની વ્યવસ્થા સંભાળવાની જવાબદારી ગૃહિણી જ સંભાળતા હોય છે. ગૃહસ્વામી તો ખેતીકાર્યમાં બળદકામ જેટલી જ જવાબદારી સંભાળતા હોય છે.

અમે જ્યારે આ સૈનિક મહારાજના સ્વાધ્યાય અને સાધનપથમાં રસ લીધો, એટલે તેઓ અમને બાજુના રૂમમાં લઇ ગયા. તેમણે એક કબાટ ખોલ્યો. લગભગ આખો કબાટ પુસ્તકોથી ભરેલો હતો. સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસનાં પુસ્તકો હતાં. કલ્યાણના વિશેષાંકો અને ગીતાપ્રેસ દ્વારા પ્રકાશિત અન્ય ઘણાં ગ્રંથો તેમના પુસ્તકાલયમાં હતા. સૈનિક મહારાજ વિદ્વાન નથી, વિદ્વત્તા તરફ તેમની દૃષ્ટિ પણ નથી. સમજની સમૃદ્ધિ વધારવા માટે અને પ્રેરણાના સ્રોતને સાચવી રાખવા માટે તેઓ સ્વાધ્યાય કરે છે. અહીં આવતા સંતો સાથે સત્સંગ ખૂબ થાય છે. તેમની પાસેથી પણ અધ્યાત્મયાત્રા સંબંધી માર્ગદર્શન મળી રહે છે. હિમાલયમાં શિવશક્તિનો મહિમા વધુ છે, તે પ્રમાણે સૈનિક મહારાજ પણ શિવશક્તિના ઉપાસક છે.

આ સ્થાન—ગંતૌલી પ્રમાણમાં નીચા સ્થાનમાં છે, તેથી અહીં



શિયાળામાં ખૂબ બરફ પડે છે, અને પહાડોમાંથી સરકીને આવતો ઘણો બરફ અહીં એકઠો પણ થાય છે. આખો વિસ્તાર શિયાળામાં બરફથી છવાઇ જાય છે. આવા કાતિલ શિયાળા દરમિયાન પણ આપણા આ સૈનિક મહારાજ અહીં એકલા જ રહે છે હા, તેમની સાથે તેમનો પ્રિય અને વફાદાર સાથી શ્વાન મહારાજ તો ખરો જ!

સૈનિક મહારાજનો આ વહાલો કૂતરો હવે અમારી સાથે પણ હળી ગયો છે. અમારી સાથે ગેલ કરે છે, અમારી સામે જોઇને માથું તથા પૂછડી હલાવીને લટુડાપટુડા કરે છે. પોતાના આ અંગવિન્યાસ દ્વારા આખરે તો તે પોતાનો સ્નેહ વ્યક્ત કરે છે, અને અમારી પાસેથી સ્નેહ પામવાની ઇચ્છા વ્યક્ત કરે છે. સ્નેહ કોને ન જોઇએ? સ્નેહ પામવા માટે કોઇ આતુર નથી? સ્નેહ કોને સ્પર્શતો નથી? ઇરાનથી એક સૂફી સાધુ લોનાવાલાની યોગકોલેજમાં યોગ શીખવા આવ્યો હતો. પૂરું એક વર્ષ તે મારી સાથે રહ્યો. સ્નેહની શક્તિથી ઝેરી સાપ અને વિંછીને પણ સૌમ્ય બનાવી શકાય, તે માટેના તે પ્રયોગ કરતો. જંગલમાં ફરવા જાય, સાપ કે વીંછી જુએ તો ખૂબ સ્નેહપૂર્વક તેની પાસે જાય, હાથથી પકડે ખભે કે મસ્તક પર મૂકે અને રૂમ પર લાવીને ટેબલ કે પથારી પર પણ મૂકે. પોતાના આ પ્રયોગ દરમિયાન તે સતત સ્નેહભાવનું ચિંતન કરે અને સ્નેહયુક્ત વાણી પણ બોલતો રહે. અમારામાંના ઘણાંએ જોયું છે કે પોતાના સ્નેહ પ્રયોગમાં આ સૂફી સાધુ પ્રત્યેક વખતે સફળ થયો છે.

જેમ આ કૂતરો સ્નેહાળ અને સ્નેહ ભૂખ્યો છે, તેમ આપણા આ સૈનિક મહારાજ પણ પોતાના આ શ્વાનસાથી પ્રત્યે ખૂબ સ્નેહાળ છે, અને તેના બહુ મોટા પ્રશંસક પણ છે. કૂતરાની

વફાદારીની તેમણે અમારી સમક્ષ ખૂબ પ્રશંસા કરી, અને તેની વફાદારીવના અનેક પ્રસંગો પણ કહ્યા.

આ કૂતરો એક ઉત્તમ ઓલાદનો કૂતરો છે. તે પોતાના માલિક પ્રત્યે ઘણો વફાદાર છે. જાણે પોતાનું જીવન પોતાના માલિકની સલામતી માટે જ છે, તેમ વર્તે છે, તેમ રહે છે. અહીં ચારે બાજુ ઘોર જંગલ છે. વાઘ, દીપડા, રીંછ વગેરેની વસતી અહીં ખૂબ છે. આ એકાંત સ્થાનમાં એકલા જ રહેતા પોતાના માલિક પર જંગલી પ્રાણીઓનું જોખમ છે, તે હકીકત કૂતરો બરાબર જાણે છે. તેથી પોતાના માલિકની સલામતી માટે આખી રાત ચોકી ભરતો રહે છે. પોતાના આ માલિકની સલામતી માટે આ શ્વાન પોતાનું જીવન જોખમમાં મૂકતાં જરા પણ અચકાતો નથી.

જંગલી પ્રાણીઓ જ નહિ, પરંતુ સાપ–વીંછીથી પણ તે પોતાના માલિકનું રક્ષણ કરે છે. વાઘ, દીપડા, રીંછ વગેરે જંગલી પ્રાણીઓ મકાનની નજીકમાં આવે કે તરત કૂતરાને ગંધ આવી જાય છે. તે તુરત જ ભસવાનું અને મકાનની આજુબાજુ પહેરો ભરવાનું શરૂ કરી દે છે. એટલું જ નહિ, પરંતુ સાપ, વીંછી જેવા ઝેરી જીવજંતુની પણ તેને ગંધ આવે છે. આ મકાનમાં આવા કોઇ ઝેરી જીવજંતુનો પ્રવેશ થાય, એટલે તુરત આ કૂતરો તેને શોધી કાઢે છે, જોરથી ભસીને માલિકને સાવચેત કરી દે છે. એકવાર સૈનિક મહારાજ સૂતા હતા. છ ઇંચ લાંબો કાળા રંગનો પહાડી વીંછી આવી ચડ્યો. કૂતરાએ ભસીને માલિકને જગાડ્યો. માલિકે પથારીમાં પડ્યા પડ્યા જોયું કે વીંછી પોતાની તરફ આવે છે, પરંતુ તેણે કૂતરો શું કરે છે, તે જોવા માટે સૂતેલા હોવાનો ઢોંગ કર્યો. કૂતરાએ બહુ પ્રયત્ન કર્યો, પરંતુ



માલિક પોતાની ઢોંગી નિદ્રામાંથી બહાર ન આવ્યા! આખરે કૂતરાએ ઉપાય શોધી કાઢ્યો. તે રસોડામાં ગયો. એક સળગતું લાકડું મોઢેથી પકડી લાવ્યો. લાકડાનો સળગતો ભાગ વીંછી પર ચાંપીને વીંછી બાળી નાખ્યો. સળગતું લાકડું ગમે ત્યાં ન ફેંક્યું. રસોડામાં જઇને ચૂલામાં જ મૂક્યું. ફરીથી જોરશોરથી ભસીને માલિકને જગાડવા પ્રયત્ન કર્યો. કૂતરાની સ્વામી ભક્તિ, ચતુરાઇ અને સમયસૂચકતા જોઇને પ્રસન્ન થયેલાં સૈનિક મહારાજ કૂદીને પથારી બહાર આવ્યા, અને પોતાના પ્રિય શ્વાનમિત્રને ખૂબ થપથપાવ્યો, ખૂબ શાબાશી આપી ત્યારે આ શ્વાનમિત્ર શાંત થયા.

સૈનિક મહારાજ શિયાળામાં કૂતરાને તેની અલગ પથારીમાં સુવાડીને, ધાબળો ઓઢાડીને ઢબૂરે છે, પણ આ કૂતરો તો રાતનો રાજા છે. તેનું સૂવાનું દિવસે જ હોય. રાત્રે તો તે ચોકી જ ભરે. શિયાળામાં અહીં ચારે બાજુ બરફ હોય, ઠંડી પણ ખૂબ હોય. તે સમયે તેને બહુ ઠંડી ન લાગે તે માટે સૈનિક મહારાજે પોતાના આ શ્વાનમિત્રને એક ગરમ યુનિફોર્મ બનાવી આપ્યો છે. તેના માટે ચામડાના મોજાં પણ બનાવ્યા છે. ઉત્તરધ્રુવની નજીકના પ્રદેશમાં રહેતાં એસ્કિમો જેમ પોતાના કૂતરાની સંભાળ લે છે, તેમ આપણા આ સૈનિક મહારાજ પણ પોતાના કૂતરાની સંભાળ લે છે.

શિયાળામાં ચારે બાજુ બરફ છવાઇ જાય એટલે અહીંથી ક્યાંય જવું કે ક્યાંયથી અહીં આવવું બંધ થઇ જાય. પરંતુ રસ્તા બંધ થઇ જવાનો આ પ્રતિબંધ માનવોને લાગુ પડે છે. આ કૂતરો તો બરફ પરથી પણ સડસડાટ દોડતો જઇ શકે છે અને આવી શકે છે. સૈનિક મહારાજને શિયાળામાં ક્યારેક અચાનક કોઇ

વસ્તુની જરૂર પડે તો તેઓ કૂતરાની ડોકમાં ચિઠ્ઠી બાંધીને તેને પોતાને ઘેર મોકલે છે. કૂતરો બરફમાં દોડતો દોડતો ઘેર જાય છે. કુટુંબના સભ્યો ચિઠ્ઠી વાંચીને તે પ્રમાણેની વસ્તુઓ કૂતરાની ડોકે બાંધી દે છે. કૂતરો સડસડાટ દોડતો દોડતો પોતાના માલિક પાસે વસ્તુઓ લઈને હાજર થાય છે.

આવી છે આપણા સૈનિક મહારાજ અને શ્વાન મહારાજની મૈત્રી!

સૈનિક મહારાજ ગૃહસ્થ હોવા છતાં એક વિશિષ્ટ સ્વરૂપના સંન્યાસી છે. તેમના જીવનમાં નિઃસ્પૃહતા, એકાંત પરાયણતા, અધ્યાત્મપરાયણતા આદિ તત્ત્વો જોઈને સાનંદાશ્ચર્ય થાય છે. એક સૈનિક, એક ગૃહસ્થ પોતાના ધર્મપત્ની અને સંતાનોની સાવ નજીકમાં જ આટલાં અસંગ રહીને જીવે છે, અને તેમની આ અસંગતા પણ એટલી સહજ, સરળ અને નિરાયાસ છે કે આ વ્યક્તિ અને ઘટના જ ગણવી જોઈએ. તેમના અંતરંગને વધુ સમજવા માટે મેં તેમને એક પ્રશ્ન પૂછ્યો,

''સાધુ સંતોમાંના કેટલાક અસંગ ભાવે રહી શકે છે, પરંતુ તેમને તો કુટુંબ પરિવાર હોતો નથી, અને હોય તો પણ તેઓ કુટુંબ પરિવાર સાથે સંબંધ–સંપર્ક છોડીને દૂર રહે છે. આપ ગૃહસ્થ છો, આપને પત્ની અને સંતાનો પણ છે. એટલું જ નહિ તેઓ સૌ અહીંથી નજીકમાં જ રહે છે, છતાં આપ આટલા અસંગ કેવી રીતે રહી શકો છો?''

આ અસંગભાવ રાખીને પોતે કોઈ ભારે મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે, તેવો કોઈ ભાવ તેમના મનમાં નથી. આ અસંગતા તેમના માટે સહજ, સરળ અને નિરાયાસ છે. તેમણે તેવા જ સહજભાવે પ્રત્યુત્તર આપ્યો,



''મહારાજ! ભોજન અને નિદ્રાની જેમ માયા પણ વધારી વધે છે, અને ઘટાડી ઘટે છે. આપણા વિના કોઈનું કાંઈ અટકી પડતું નથી. આપણે માથા પર બોજો જેટલો વધારીએ તેટલો વધે છે, અને ઘટાડીએ તેટલો ઘટે છે. કુટુંબ મારું છે, તેમ માનવાની જ જરૂર નથી. પ્રારબ્ધવશાત એકઠા થઈ ગયા છીએ. કાલે મરી જશું. પછી કોણ કોનો બાપ ને કોણ કોનાં સંતાન? આપણી આસક્તિ સંસાર ઊભો કરે છે, અને આસક્તિ છોડીએ તો સંસાર છૂટી જાય છે. હું ઘેર જતો નથી, તેથી મારા વિના કોઈનું કાંઈ અટકી પડતું નથી. તેઓ કોઈ વાર અહીં આવીને રહે છે, તો હું તેમને 'ના' કહેતો નથી. તેઓ થોડા દિવસ રહીને ચાલ્યા જાય છે. તેઓ મારી જીવનપદ્ધતિને સમજી ગયા છે, અને મને કાંઈ કનડગત કરતાં નથી.''

''જીવનના અંત સુધી પુત્રો અને પૌત્રોમાં રાચવું, તે તો મૂર્ખતા છે. સૌને પોતાનું પ્રારબ્ધ છે. તે પ્રમાણે સૌનું જીવન ગોઠવાશે. મારું ગૃહસ્થ તરીકેનું કર્તવ્ય પૂરું થયું છે. હવે તો ભગવાન તરફ મુખ રાખવાનો સમય આવ્યો છે, આત્માનું કલ્યાણ કરી લેવાનો સમય આવ્યો છે.''

મને લાગ્યું કે સૈનિક મહારાજ મારી સાથે હૃદય ખોલીને વાત કરે છે, તેથી મેં વધુ અંતરંગ પ્રશ્ન પૂછ્યો,

''આપની સાધનાનું સ્વરૂપ શું છે?''

તેમણે નિઃસંકોચ જવાબ આપ્યો,

''હું શિવ–શક્તિની ઉપાસના કરું છું. શિવલિંગ અને જગદંબાની પાદુકાની પૂજા–અર્ચના કરું છું. આ મારી બહિરંગ ઉપાસના છે. મારી અંતરંગ સાધના 'સોऽહમ્' સાધના છે. મારા ગુરુમહારાજે મને આ સમર્થ સાધનાની પદ્ધતિ શીખવી છે. શ્વાસે

શ્વાસે આ મહામંત્રનો જપ કરવો, તે મારી સાધના છે. શ્વાસ અંદર લેતી વખતે 'સો (સઃ)' અને શ્વાસ બહાર કાઢતી વખતે 'હમ્' નું માનસિક ઉચ્ચારણ કરવાનું હોય છે. ખરેખર તો આ જપ જન્મથી જ આપણા શ્વાસ—ઉચ્છ્વાસ સાથે ચાલતો જ હોય છે. આપણે તે અભાન જપને સભાન રીતે, જાગૃતિપૂર્વક કરવાનો હોય છે. શ્વાસ, મનની સુરતા અને 'સોઽહમ્' મંત્ર— આ ત્રણેનો પ્રવાહ એક બને, તે 'સોઽહમ્ સાધના'નું કેન્દ્રસ્થ તત્ત્વ કે રહસ્ય છે.''

''શિવશક્તિની ઉપાસના, મારી બહિરંગ સાધના છે, અને 'સોઽહમ્ સાધના' મારી અંતરંગ સાધના છે. આ ઉપરાંત સ્વાધ્યાય, સત્સંગ, જપ, સાધુ સેવા વગેરે પણ યથાશક્તિ, યથામતિ ચાલે છે.''

સૈનિક મહારાજની અધ્યાત્મ વિષયક સીધી સાદી પણ સ્પષ્ટ સમજ જોઈને અમે પ્રભાવિત થયા. તેઓ સૈનિક તરીકે ફરજ બજાવતા હતા ત્યારે જ હિમાલયમાં જ કોઈક ભાગમાં તેમના સંન્યાસી ગુરુએ તેમને આ સાધનાની દીક્ષા આપી છે, અને વિધિ પણ બતાવી છે.

આ સૈનિક મહારાજની અંતર્મુખતાનું રહસ્ય તેમની 'સોઽહમ્ સાધના'માં છે, તે સમજતાં મને વાર ન લાગી.

તેઓ મને પોતાના સાધના ખંડમાં લઈ ગયા. સ્વચ્છ, સુઘડ નાની ઓરડી છે. સામે એક લાકડાના સાદા ટેબલ પર એક નાનું સિંહાસન છે. સિંહાસનમાં એક પારદનું શિવલિંગ અને ભગવતીની ચાંદીની પાદુકા પધરાવેલ છે. પૂજાના દેવની સામે ઊનનું આસન પાથરેલું છે. ટેબલ પર ધૂપ, દીપ, અને પૂજાનાં પાત્રો મૂકેલાં છે. બાજુમાં રુદ્રાક્ષની જપમાળા પણ છે. અમે



થોડીવાર આ સૈનિક મહારાજના સાધનાખંડમાં બેઠા. મંદિરના ગર્ભગૃહમાં બેઠા હોઈએ તેમ લાગ્યું. થોડીવાર પછી બહાર આવ્યા.

સૈનિક મહારાજે અમને અહીં એકાદબે દિવસ રોકાઈ જવાનું ભાવભર્યું નિમંત્રણ આપ્યું, પરંતુ અમારે આજે સાંજે મદમહેશ્વર પહોંચવું હતું.

અમે તેમની રજા લઈ મદમહેશ્વર જવા તૈયાર થયા. સૈનિક મહારાજ અને શ્વાન મહારાજ અમને થોડે સુધી વળાવવા આવ્યા. અન્યોન્ય નમસ્કાર કરી અમે છૂટા પડ્યા. તેઓ પોતાના આશ્રમે પાછા ફર્યા, અને અમે મદમહેશ્વરના કઠિન રસ્તા પર ચઢવાનો પ્રારંભ કર્યો.

આપણા દેશમાં સૈનિકો પણ સંન્યાસીઓ જેવા હોય છે. અહીં ગૃહસ્થો પણ સાધુઓની જેમ જીવે છે. ભારતવર્ષની આધ્યાત્મિક સંસ્કૃતિની ધારા કેટલી ગહન છે, તેનાં દર્શન શહેરોના રસ્તા પર ફરતાં ફરતાં ન આવી શકે, તે માટે આ દેશના ઊંડાણમાં જવાની જરૂર છે.

આવાં માનવરત્નો આપણા દેશમાં એકલદોકલ નથી, અગણિત છે. આંખ હોય તો દર્શન થઈ શકે!

# साधो सहज समाधि भली

संत विनोबाजी

આપણે અંદર—બહાર એવો ભેદ કરીએ છીએ અને કહીએ છીએ કે બ્રહ્મ અંદર છે અને બહાર જે છે તે બ્રહ્મથી ભિન્ન છે. એનો અર્થ થયો કે આપણે બ્રહ્મના બે ટુકડા કર્યા. વાસ્તવમાં એવો ભેદ નથી. જ્યાં સુધી અંતર્મુખ-બહિર્મુખનો આ વિરોધ કાયમ રહેશે ત્યાં સુધી મુખ જ નહીં બને. આપણા ધ્યાનમાં આવવું જોઈએ કે જે પરમાત્મા અંદર છે, તે જ બહાર છે. બહારનો પરમાત્મા આંખોમાં સમાશે, અંદરનો ચિત્તમાં પ્રતિબિંબિત થશે. બહાર જે પરમાત્મા છે, તેને

**खुले नैन पहिचानौं हंसि हंसि सुंदर रूप निहारौ**
**आंख न मूंदौ, कान न रूंधौ, तनिक कष्ट नहीं धारौ...**
**साधो सहज समाधि भली ।**

હું હંમેશા યાત્રી-માનસની વાત કરું છું. ભગવાન આપણી પાસે છે. તેને આપણે દૂર ધકેલીએ છીએ અને કહીએ છીએ કે ભગવાનના દર્શન માટે બદ્રીકેદાર જઈએ છીએ. ત્યાં જઈને કહીશું કે કાશીયાત્રા માટે જઈએ છીએ. કાશીથી રામેશ્વર જવાની વાત કરીએ છીએ. આ રીતે, જે ભગવાન નજીક છે તેને દૂર ધકેલતા રહીએ છીએ. એ થયું 'યાત્રી-માનસ'. તેવું જ એક 'ધ્યાની—માનસ' હોય છે. ભગવાન અંદર-બહાર બધે છે, આંખોને દેખાય છે. પણ આપણે કહીએ છીએ કે આંખો બંધ કરીને એને જોઈશું. ભગવાન આપણી સામે છે, ત્યાંથી હટાવીને



ક્યાંક અંદર ધકેલી દઈએ છીએ. મૂળે અંદર-બહાર જેવો ભેદ નથી.

એટલે જ્યાં સુધી દ્વૈત રહેશે, ત્યાં સુધી તત્ત્વદર્શન નહીં થાય. સર્વત્ર હરિ છે, તેનો અભ્યાસ કરીએ. બહાર ડર નથી, અંદર પણ ડર નથી. ડર પડ્યો છે ચિત્તમાં. તેથી પ્રથમ ચિત્તને જ હટાવીએ. ન અંદરનો હટી શકે, ન બહારનો હટી શકે. હટાવવાની ચીજ છે ચિત્ત. બહાર બ્રહ્મ છે, અંદર બ્રહ્મ છે, વચ્ચે ભ્રમ છે, ચિત્ત છે. ચિત્તથી મુક્ત થયા કે કામ પૂરું થયું.

આપણી આસપાસ વિવિધતા ભરી પડી છે. એથી અનેક પ્રકારના દર્શન થાય છે. જુદા જુદા સ્વભાવના લોકો હોય છે. સૃષ્ટિનાં વિવિધ રૂપ પણ નજરે ચડે છે. એ બધાંમાં ભગવાન ભર્યો છે, એવું દર્શન નહીં થાય ત્યાં સુધી આત્મસાક્ષાત્કાર નહીં થાય. દરેક સ્થળે રામને જુઓ. પર્વત દેખાયો કે વિચારો, **स्था वरा!ां हिमालयः** । નદી દેખાઈ તો સમજો, **स्त्रोतसामस्मि जाह्नवी** ધીમે ધીમે સર્વત્ર રામ દેખાય અને સઘળાં કામ રામની પૂજા થઈ જાય. **जहा जहा जाउं सोई परिक्रमा, जो कछु करुं सो पूजा ।**

માનવમાં ભગવાનનાં દર્શન થાય. આપણી આસપાસ મુક્ત ફેલાયેલી સૃષ્ટિમાં ભગવદ્-દર્શન થાય. ખુલ્લી આંખોથી સૃષ્ટિમાં વ્યાપ્ત પરમાત્માનાં દર્શન કરીએ. **खुले नैन पहिचानौ ।**

# ખાધા સાટે કથા

સ્વામી સચ્ચિદાનંદજી

(સ્વામીશ્રી સચ્ચિદાનંદજી ગુજરાતના એક વૈજ્ઞાનિક અને વ્યાવહારિક અભિગમ ધરાવતા જાણીતા સંત છે. તેઓએ ઘણું બધુ વિદેશ પરિભ્રમણ કરી ગુજરાતની જનતાને તેઓની યાત્રા-ઓના અનુભવના સરસ અહેવાલના અનેક પુસ્તકો લખી, લાભ આપ્યો છે. તેઓના પુસ્તકોમાં પ્રજા તરીકે આપણી નબળાઈઓને પોષવામાં હિંદુ સંપ્રદાયોએ જે ખરાબ ભૂમિકાઓ ભજવી છે, તેની છણાવટ વૈજ્ઞાનિક ઢબે તેઓએ કરી છે.

કોઈ આશ્રમ કે સંપ્રદાયની કંઠી બાંધ્યા સિવાય ત્યાગી સાધુ બની વિચરવું એ કેટલું કઠણ છે, તેની અનુભૂતિ કરાવતા બે પ્રસંગો તેઓના પુસ્તક 'મારા અનુભવો' માંથી અહીં સાભાર આપ્યા છે તે વાંચકોને ગમશે એમ માનું છું. **—તંત્રી**)

જેણે ભ્રમણ નથી કર્યું તેણે કાંઈ જ કર્યું નથી. ભ્રમણ પણ માત્ર પ્રભુ વિશ્વાસે કરવાનું થાય ત્યારે તમારી ચારે તરફ અનુભવો જ અનુભવો આવી જતા હોય છે. ઘરના ખૂણામાં પુરાઈ રહેનારને દુનિયાની શી ખબર ? દુનિયાનાં દર્શન તો વિપત્તિમાં થતાં હોય છે, સંપત્તિમાં નહિ. આપણે આપણી ઈચ્છા પ્રમાણે સંપત્તિ મેળવી શક્તા નથી પણ આપણે ધારીએ તો વિપત્તિ તો મેળવી જ શકીએ. જાણી કરીને વિપત્તિઓને આમંત્રણ આપનારને કોઈ ડાહ્યો માણસ ન કહે. ડહાપણ તો પોતાની સુખ સગવડને સાચવવામાં તથા વધારવામાં લોકોને દેખાતું હોય છે. હું જાણી કરીને વિપત્તિઓ નોંતરી રહ્યો હતો.



ફરતો ફરતો ઊંઝા આવ્યો. ઉમિયા માતાના મંદિરમાં એક રાત રહ્યો. એ વખતે એક વૃદ્ધ ઉદાસીન સંત ત્યાં રહેતા. મેં એક રાત પ્રવચન પણ કર્યું. પણ પછી બીજા દિવસે ચાલતો થયો. મારું લક્ષ્ય માત્ર ભારરૂપ જીવન ન જિવાય એટલું જ હતું. કોઈ પણ ગામનો માર્ગ પૂછ્યા વિના હું ચાલતો થયો.

રસ્તામાં એક પટેલ મળી ગયા. સ્વભાવના ભક્ત હતા. મને કહે કે, ''હેંડો મહારાજ અમારા ગામ.'' મેં કહ્યું કે, ''હેંડો ત્યારે.'' અમે બંન્નેએ ચાલવા માંડ્યું. કશો વહીવટ ન હોય, કશી જવાબદારી ન હોય – બસ પછી શું જોઈએ? ભારતના નિવૃત્તિના માર્ગના નામે આવો જ માર્ગ શોધી કાઢ્યો છે. નિવૃત્તિના નામે કર્તવ્યહીન તથા જવાબદારીહીન જીવન જીવનારા અસંખ્ય માણસો અહીં જોવા મળશે. અધૂરામાં પૂરું આવા માણસો આ દેશમાં સૌથી વધુ પૂજ્ય મનાય છે. મને લાગે છે, અહીં જ મોટી ભૂલ થઈ રહી છે.

વાતોના તડાકા મારતા અમે ઉનાવાને પાર કર્યું. થોડાક આગળ ગયા હોઈશું ત્યાં એક ખેતરમાં ખેતીકામ કરતાં એક ખેડૂતે ટહુકો કર્યો. મને ઊભો રાખ્યો. એ ખરો નીકળ્યો. શેઢા ઉપર મને બેસાડીને ભજન સંભળાવવા લાગ્યો. પેલા પટેલ તો કહે કે, ''લો ત્યારે આવજો મહારાજ, મારે મોડું થાય છે'' એમ કહીને ચાલતા થયા.

મારે તો આ નવા ભક્તનાં ભજનો સાંભળવાનાં હતાં. કારણ કે ઘણા દિવસે તેને કોઈ સાંભળનારું પાત્ર મળ્યું હશે એટલે ઉપરાઉપરી ભજનો સંભળાવ્યે જતો હતો. તેનું માથું તથા શરીર ડોલતું હતું. મારે પણ રસ પડે છે તેમ બતાવવા કોઈ કોઈ વાર માથું ડોલાવવું પડતું હતું. અંતે માંડ છૂટ્યો તે ભગતથી.

ભક્તો વ્યાવહારિક નથી હોતા, એટલે મને મોડું થશે તેની કે મારી ખેતી રહી જશે તેની તેમને કશી પડી ન હતી. તેને લગની હતી ભજનોની.

ઉતાવળે પગે હું ચાલ્યો. હજી દિવસ બાકી હતો અને ગામ વચ્ચેના ચોકમાં હું પહોંચ્યો.

ગામ વચ્ચેના ચોકમાં ખેડૂત પોતાનાં હળ વગેરે ઓજારો સુથાર પાસે ઠીક કરાવી રહ્યા હતા. મને જોઈને એક મશ્કરા પટેલે કહ્યું, ''લ્યો અલ્યા ગામમાં એક માણસ વધ્યું.''

ધર્મપ્રચારમાં મને સૌથી વધુ અગવડ મારા પુરોગામી સાધુઓની છાપની પડતી હતી. સાધુને જુએ એટલે ગામવાળા લોકો સમજે કે આ કોઈ ફંડફાળો કરનારા આવ્યા છે. લોકો દૂર ભાગે. વિશ્વાસ ન થાય. વાત પણ સાચી જ હતી. માત્ર પરમાર્થ માટે વિચરણ કરનારા કેટલા?

મને એક ત્રણ પગવાળી લાકડાની ઘોડી આપી અને કહ્યું, ''લ્યો.... મહારાજ બેહો....'' હું બેઠો. મેં ધર્મપ્રચારની ઈચ્છા બતાવી. માત્ર પાંચ દિવસ મારે ધર્મપ્રચાર કરવો છે તેવું બતાવ્યું. પણ ફંડફાળાથી ડરેલા સૌ તૈયાર ન હતા. પેલા મશ્કરા પટેલે તો સંભળાવી જ દીધું, ''માહરાજ, અમારું ગામ તો ધરમથી ટોચ ભરેલું છે. હજી દા'ડો આથમ્યો નથી, આ પેલું.... રૂવાવી દેખાય ત્યાં પૂગી જાઓ. ત્યાં ધરમપ્રચારની ખૂબ જરૂર છે.'' તેમની વાત સાંભળી સૌ હસ્યા અને બોલ્યા, ''હા....હો.... હા....ચું.... માહરાજ.''

આમ બોલવાનું કારણ હું જાણતો હતો એટલે મેં તેમને ખાતરી આપવા માંડી, ''જુઓ ભાઈ, હું માત્ર પાંચ જ દિવસ ધર્મપ્રચાર કરીશ. મારે કાંઈ પૈપૈસો જોઈતો નથી. માત્ર એક



ટાઈમ ખાવાનું જ જોઈએ છે.'' મારી વાત સાંભળીને નજીક જ બેઠેલા એક કાણિયા ડોસા બોલ્યા: ''તે ખાધા હાટે કથા કરવી હોય તો આખું વરહ કરોને, કોણ ના પાડે છે!'' ફરી બધા હસ્યા. મેં કહ્યું કે ''હા.... માત્ર ખાધા સાટે જ કથા કરવાની છે.''

લોકોનું મન બદલાયું. પેલા ડોસા કહે, ''કાંઈ રામેણબાંમેણ આવડે હે?'' મેં હકારમાં માથું હલાવ્યું, રહેવાનું નક્કી થયું. ચોમાસું હોવાથી કોઈના મેડા ઉપર કથા થઈ. પહેલા જ દિવસે મેડો નાનો પડ્યો. માણસો ચિક્કાર ભરાઈ ગયેલાં. બીજા દિવસે મેડો બદલ્યો. પાંચ દિવસ પૂરા થયા. મેં કહ્યું, ''બસ હવે વિદાય લઈશ.'' પણ હવે કોઈ જવા દેવા તૈયાર ન હતું. મેં તેમના જ શબ્દો યાદ દેવડાવ્યા : તમારું ગામ તો ધર્મથી ટોચ ભર્યું છે. અને પેલું રૂવાવી ખાલીખમ છે. મારે ત્યાં જવું છે. પણ હવે કોણ માને ? આ ગામમાં હું એક મહિનો રહ્યો. ખૂબ ભાવ વધ્યો. વાતાવરણ ખૂબ સાત્ત્વિક થઈ ગયું. આ ગામ તે સુરપુરા.

### અઢી આના

જેને આત્મકલ્યાણ કરવું હોય તેના માટે પાંડિત્ય જરૂરી નથી પણ જેને વ્યવસ્થિત રીતે ધર્મપ્રચાર કરવો હોય તેના માટે યથાસંભવ વિદ્વત્તા જરૂરી છે. ભારતીય સાધુસમાજમાં કદાચ એક ટકો પણ વિદ્વત્તાવાળા નહિ હોય. વિદ્યાપ્રચાર પ્રત્યે અનેક કારણોસર ઉદાસીનતા રહી છે. એટલે જૈન સાધુઓમાં જે એક સમાનરૂપતા જોવાય છે, બૌદ્ધ ભિક્ષુઓમાં પણ ઉપરી સમાન વ્યવહાર દેખાય છે, પાદરીઓમાં પણ સમાન ધ્યેય તથા સમાન આચાર-નિયમ દેખાય છે, તેવું હિંદુ ધર્મમાં નથી દેખાતું. અહીં અનેક સ્તર, અનેક પ્રકાર તથા અનેક આચાર જોઈ શકાય છે.

વજમૂર્ખ અને પ્રકાંડ પંડિત બંન્ને જોઇ શકાય છે. સૌથી નવાઇ તો એ છે કે મૂર્ખતા જેટલી વિભાજીત છે તેથી વધુ વિભાજીત વિદ્વત્તા છે. વિભાગ જ વિભાગ. કોણ શું માને છે અને કોનો શો સિદ્ધાંત છે તે સમજવા પૂર્ણજીવન પણ ઓછું પડે તેટલું ચિતરામણ છે.

બાલ્યકાળમાં મેં પાઠશાળામાં થોડા શ્લોકો તથા રુદ્રી વગેરેનું અધ્યયન કરેલું. પણ વ્યાકરણ વગેરે કશું જાણું નહિ. મને રહી રહીને થયા કરતું કે જો મારે સારી રીતે ધર્મપ્રચાર કરવો હોય તો સંસ્કૃત વિદ્યા ભણવી જોઈએ. મારી તેત્રીસ વર્ષની ઉંમર થઈ ગઈ હતી અને હું હવે મને પોતાને ભણવા માટે મોટી ઉંમરનો માનતો હતો. સુરપુરાના એક મહિનાના નિવાસ દરમિયાન અધ્યયન કરવાના મારા વિચારો પાકા થયા, મારી ઈચ્છા હતી કે હું એક-બે વર્ષ થોડું વ્યાકરણ શીખી લઉં, સંસ્કૃત શ્લોકોને સમજી શકું એટલે બસ. મેં સુરપુરામાંથી મથુરા-વૃદાંવન જવાનું નક્કી કર્યું. મને વિદાય આપવા આખું ગામ હિલોળે ચડ્યું હતું. સૌની આંખોમાં અશ્રુ હતાં. દર વર્ષે અહિં આવવાનું એવો સૌનો આગ્રહ હતો. ધર્મના નામે અસંખ્ય અણગમા ઊભા કર્યા હોવા છતાં આજે પણ જો કોઇ નિઃસ્પૃહ વ્યક્તિ ગામમાં આવી જાય તો લોકો ભાવવિભોર થઇ જતા હોય છે. અનિયંત્રિત સાધુઓ તથા ભીક્ષુકો, તાંત્રિકો, જ્યોતિષીઓ વગેરે પ્રજામાં અનિશ્ચિત અને ગ્લાનિ ઊપજે તેવું વાતાવરણ બનાવતા— છોડતા ફરતા હોય છે. જો આ બધાને વ્યવસ્થિત તથા નિશ્ચિત કરી શકાય તથા ગળણીથી ગાળીને યોગ્ય—અયોગ્ય હિત—અહિતનો ભેદ કરી શકાય તો ધાર્મિક ક્ષેત્રમાં બહુ મોટું કાર્ય થઈ શકે તેમ છે. પણ તેવું થઈ શકે તેવું દેખાતું નથી.



ઊંઝાથી ટ્રેન દ્વારા હું રવાના થયો. ગામલોકોએ મને ત્રીસ રૂપિયા આગ્રહ કરીને આપ્યા હતા. હવે મને લાગ્યું કે જો મારે અધ્યયન કરવું હોય તો પૈસાની જરૂર પડશે એટલે સ્પર્શ નહિ કરવાનો નિયમ ચાલી નહિ શકે.

અજમેર રોકાઈને હું મથુરા આવ્યો. મથુરાના એક ઘાટ ઉપર મંદિર છે કે મસ્જિદ છે તેનો વિવાદ ચાલતો હતો તેવા સ્થાનમાં ઊતર્યો. ધાર્મિક જગત એટલે ઘોર અસહિષ્ણતાનું જગત. જ્યારે પણ જે ધર્મ પ્રબળ બને તે પોતાના નજીકના પ્રતિસ્પર્ધી ધર્મનો નાશ કરવા ઉદ્યમ કરે. એવું પાપ પણ ધર્મના નામે, પરમાત્માના નામે, પરલોકના નામે કરાય— કરાવાય. મુસ્લિમ શાસકોએ કોઇ સમયે આ ઘાટ ઉપરના સુંદર મંદિરને મસજિદમાં ફેરવી નાખેલું. વર્ણવ્યવસ્થાના કારણે વિભાજિત, કુસંપી અને ટૂંકી દષ્ટિવાળા રાજાઓ પોતાનું તથા ધર્મસ્થાનોનું રક્ષણ ન કરી શક્યા. આઝાદી પછી થોડાંક વર્ષો વાતાવરણ જુસ્સામય રહ્યું તેમાં હિન્દુતીર્થો વચ્ચે જ આ જગ્યાને લોકોએ પોતાના અધિકારમાં લઇ લીધી. જો કે તેનો ઉપયોગ મુસ્લિમો પણ કરતા નહિ. કારણ કે તેમને તે દૂર પડતી હતી તથા ચારે તરફનું વાતાવરણ પણ તેમને પ્રતિકૂળ પડતું. આ સ્થાનમાં હું ઊતર્યો. સામે જ જમુનાજીનો ભરપૂર પ્રવાહ. એક ઘાટના બુરજ ઉપર બેસીને હું કલાકો સુધી જોયા કરતો. મારી માનસિક સ્થિતિ એટલી સારી હતી કે મને નદીના પ્રવાહ સાથે ઈશ્વર સ્મરણ થયા કરતું.

હિન્દુપ્રજા પ્રાકૃતિક સૌંદર્ય પ્રત્યે લાગણીશીલ હતી. એટલે ધીરે ધીરે પાછળથી તેને પ્રકૃતિપૂજક બનાવી દેવાઈ છે. એકેશ્વરવાદ પુસ્તકોમાં રહી ગયો, પ્રજામાં બહુદેવવાદ અને એક

સાથે પ્રકૃતિનાં તત્ત્વો, નદીઓ, સમુદ્રો, વૃક્ષો, પર્વતો, સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો વગેરેને લોકો પૂજતા થઇ ગયા. આવી પૂજાથી હિન્દુ ધર્મ કે ઉપાસના અવ્યવસ્થિત તથા ડહોળાયેલાં થયાં છે. હું બેઠો બેઠો ઘણી વાર આગંતુક શ્રદ્ધાળુઓને જોતો. તેઓ જમુનાજીને ખૂબ જ પૂજ્ય માનતા. પૂજ્ય માનવા છતાં સ્વચ્છતા જરાય ન રાખતા. ગંદકીનો પાર નહિ. લોકો બોલતા– "જમના મૈયાકી કૃપાસે–". મારા મનમાં પ્રશ્નો થતાઃ આ જલપ્રવાહ પણ કૃપા કરતો હશે? પ્રકૃતિપૂજામાં અટવાયેલા માણસોને નથી તો એકબ્રહ્મનિષ્ઠા થતી કે નથી પ્રાકૃતિક સૌંદર્યની પ્રતીત થતી. બસ, કર આચમન, માર ડૂબકી, કર ઘોંઘાટ અને ધક્કામુક્કી કરીને નીકળ બહાર. ચારે તરફ ગંદકી જ ગંદકી. થઇ ગઇ ધાર્મિકતા, કરી લીધું કલ્યાણ.

પ્રાચીન ઋષિઓએ નદીપ્રવાહની સાથે પોતાની એકતાનતા જોડી હશે, એટલે તેમણે નદીઓનાં ગીત ગાયાં હશે. પણ પછી તો આ નદીઓ જ દેવીઓ થઇ ગઇ. સંપ્રદાય પ્રમાણે તેમાં પણ શ્રેષ્ઠતા–કનિષ્ઠતાની કલ્પનાઓ થઈ. કોઇ મરતી વખતે ગંગાજળ પાન કરે, તો કોઈ જમુનાજળ પીએ. જોકે બંને જળો પ્રદૂષણથી દૂષિત છે, સીધાં પીવાને યોગ્ય નથી છતાં પિવાય છે કારણ કે એ રૂઢ ધાર્મિકતા છે. રૂઢ ધાર્મિકતાને આંખો સાથે બહુ સંબંધ હોતો નથી.

થોડા દિવસ મથુરા રહીને હું વૃંદાવન પહોંચ્યો. નાની ગાડીમાંથી જ મને એક મોટો આશ્રમ દેખાયો. નામ પણ ઘણા મોટા અક્ષરે લખાયું હતુંઃ શ્રોતમુનિ આશ્રમ. મેં નક્કી ક્યું કે સ્ટેશને ગાડી ઊભી રહેશે પછી આ આશ્રમમાં રહેવા–ભણવા માટે જઇશ. નિર્ણય પ્રમાણે રેલવે સ્ટેશનેથી ચાલતો હું પેલા



વિશાળ આશ્રમમાં આવ્યો. તથા મારી વાત જણાવી કે મારે સંસ્કૃત ભણવું છે. મને રહેવાની તથા ભણવાની અહીં સગવડ મળી શકશે? આશ્રમના વ્યવસ્થાપક સ્વામીએ કહ્યું કે "હમારે પંડિતજી આપકો પઢા દેંગે. લેકિન રહનેકી જગા નહીં હૈ." મેં પૂછ્યું કે બીજી કોઇ જગ્યા હોય તો બતાવો. તેમણે મને દૂર આવેલા 'પરમહંસ આશ્રમ'નું નામ આપ્યું. અને ત્યાં જવા સૂચન કર્યું. સાથોસાથ 'લઘુકૌમુદી' લઈને આવતી કાલે ભણવા આવી જવા સૂચવ્યું.

વિશાળ આશ્રમમાં બંધ પડેલા પચાસેક રૂમો જોતાં જોતાં હું બહાર નીકળ્યો અને પરમહંસ આશ્રમ જતાં પહેલાં લઘુકૌમુદી ખરીદી લેવા બજારમાં ગયો. ગીતાપ્રેસ, ગોરખપુરની દુકાને સારાં તથા સસ્તાં પુસ્તકો મળતાં હતાં. મેં 'લઘુકૌમુદી' માગી, તેણે આપી. જીવનમાં પ્રથમ વાર મેં 'લઘુકૌમુદી' જોઈ. તેનું મૂલ્ય સાડા દશ આના (લગભગ ૬૫ પૈસા)હતું. મારી પાસે માત્ર આઠ જ આના બચ્યા હતા. બાકીના અઢી આના (પંદર પૈસા) લાવવા ક્યાંથી? હું નિરાશ થયો. પુસ્તક પાછું આપ્યું. સંસ્કૃત ભણવાની તીવ્ર તાલવેલી હતી. હવે શું કરવું? લગભગ માઇલ–દોઢ–માઇલ દૂર પરમહંસ આશ્રમે પહોંચ્યો.

પરમહંસ આશ્રમ એટલે જેને કોઇ આશ્રમમાં સ્થાન ન મળે તેને માત્ર ઊતરવાની જગ્યા; પાણી પીવાના કૂવા સિવાય બીજી કોઇ સગવડ નહિ. અન્નક્ષેત્રોમાં ભોજન કરો અથવા ભૂખ્યા રહો. અહિં પોતાનું પાથરણું પાથરીને સૂઓ અને કૂવાનું પાણી પીઓ. માત્ર એક લંગોટી લગાવીને જ રહેતા સ્વામી બીરગિરિજી તેનું સંચાલન કરતા. માણસ બહુ જ સારા, ભલા અને સમજુ. મને થોડી પૂછપરછ કરીને પછી એક ખુલ્લી

રવેશીમાં આસન લગાવવા કહ્યું. અહિં રસોડું ન હતું એટલે જમવાનો તો પ્રશ્ન જ નહોતો. હું મારું જ પાથરણું પાથરીને બેઠો ચિંતામાં પડી ગયો.

આવતી કાલથી ભણવાનું શરૂ કરવું છે પણ લઘુકૌમુદી વિના કેમ ભણાશે? અઢી આના લાવવા કયાંથી? વાતાવરણ અજાણ્યું હતું. કોઇની પાસે કશી વાત કરી શકાય તેમ ન હતી. શું કરવું? કેટલોક સમય ગમગીન રહ્યા પછી ચમકારો થયોઃ વૃંદાવનના મુખ્ય મંદિર બિહારીજીનાં દર્શન કરવા જા. અને કોઇ સજ્જન દેખાય તો અઢી આના માગ. કોઇ ને કોઇ જરૂર આપી દેશે.

બીરગિરિજીને કહીને હું નીકળ્યો પાછો વૃંદાવન જવા, સામે આવતી પ્રત્યેક વ્યક્તિને હું આશા અને લાચારીભરી દૃષ્ટિથી જોતો હતો. કદાચ આ માણસ મને અઢી આના આપે.... પણ માગવાની હિંમત ન ચાલે, કદાચ ના પાડશે તો...? કદાચ અપમાન કરશે તો?.....

માણસમાં જ્યારે યાચનાવૃત્તિ જાગે છે ત્યારે તેજ, ખુમારી અને વ્યક્તિત્વ ઢીલું ઘેંસ જેવું થઇ જાય છે તેનો મને પ્રતિક્ષણ અનુભવ થવા લગ્યો. લગભગ દોઢ માઇલના રસ્તા ઉપર કેટલાંય માણસો સામે મળ્યાં. મેં સૌને નિહાળ્યાં, પણ કોઇની પાસે અઢી આના માગી શક્યો નહિ. બિહારીજીનું મંદિર હવે નજીક આવી ગયું હતું. મને થઇ ગયું કે હું અઢી આના માગી શકીશ નહિ અને પુસ્તક વિના ભણી શકીશ નહિ. નિરાશા વધી ગઇ હતી. તેવામાં મારી દૃષ્ટિ રોડ ઉપર બેસીને ટોપલામાં ફળો વેચતા એક માણસ ઉપર પડી. કોઇ અગમ્ય પ્રેરણાથી હું તેની પાસે ગયો. મારી હથેળીમાં રાખેલા આઠ આના તેને બતાવ્યા



અને કહ્યું, ‘‘મારે એક સંસ્કૃત પુસ્તક જોઇએ છે. અઢી આના ખૂટે છે. જો તમે મને આપશો તો હું તમને જ્યારે મને મળશે ત્યારે પાછા આપી જઇશ. પણ જો નહિ મળે નહિ આપું.’’

કશો જ વિચાર કર્યા વિના તેણે મને તરત જ અઢી આના આપી દીધા. મારા આનંદનો પાર ન રહ્યો. મને થયું, નરસિંહ મહેતાની હૂંડી ભગવાને આવી જ રીતે સ્વીકારી હશે. ઝડપથી હું પેલી દુકાન તરફ દોડ્યો. દુકાન બંધ થઇ રહી હતી. દુકાનદારે મને પુસ્તક આપ્યું. જાણે સ્વર્ગનો ખજાનો મળી ગયો હોય તેટલા હરખથી હું પાછો ફર્યો. હું મૂર્તિપૂજામાં બહુ માનતો નહિ તેમ છતાં કોઇ કોઇ વાર પ્રસિદ્ધ મંદિર હોય તો દર્શન કરવામાં બાધ માનતો નહિ. બિહારીજીનાં દર્શન કરીને દિવસ આથમ્યા પછી આશ્રમમાં આવ્યો. આશ્રમ બંધ કરવાનો દરવાજો હતો જ નહિ તેમ વીજળી પણ હતી નહિ, એટલે કોઇને કહ્યા વિના ચૂપચાપ પોતાના આસને જઇ બેસી ગયો. મને બરાબર યાદ છે કે એક મહિના સુધી મારી પાસે કશું આવ્યું ન હતું. એક મહિના પછી એક રૂપિયો મળ્યો હતો, જેમાંથી અઢી આનાનું દેવું મેં ચૂકવી દીધું હતું. અઢી આના ચૂકવી દેવાનું મહત્ત્વ નથી, પણ જે સ્થિતિમાં શ્રી ભગવાનદાસે મને અઢી આના આપ્યા હતા તેનું મહત્ત્વ છે. આવા પ્રસંગો જીવનભર વિસરવા જોઇએ નહિ.

# ગુરુકૃપાનો અનુભવ

**આ ઘટના ઈ.સ.૧૯૮૨-૮૩ની છે.** **—શ્રી જીતુભાઈ ગાંધી**

શ્રાવણ સુદ બારશ પૂ. શ્રી યોગેશ્વરજીનો જન્મદિવસ. તે દિવસે મારે પૂ. શ્રીના જ જરૂરી કામ માટે બહારગામ જવાનું હતું, જેથી પૂ. શ્રી તથા મા સર્વેશ્વરીને પ્રણામ કરીને નીકળ્યો. પ્રભુને યાદ કરતો ત્યાં પહોંચ્યો. મારા મિત્ર સાથે તે કામના વિભાગની ઓફિસમાં અમે પહોંચી ગયા.

અમે બંને એ કામના અજાણ હતા. ઓફિસમાં પણ અમારું કોઈ જાણીતું ન હતું. શું કરીએ? કોને પૂછીએ? કામ કેવી રીતે કરીશું, તેની ચિંતા બંનેના મનમાં હતી.

ત્યાંજ અમને બંનેને એક સરખો એકજ વિચાર આવ્યો.

“ચાલો આપણે આ ટાઈપીસ્ટને જ પૂછીએ.” પૂછ્યું તો તરત જ તે ભાઈ પોતાનું કાર્ય અધૂરું મૂકીને અમારી સાથે આવવા ઊભા થઈ ગયા.

અમારી સાથે ચાલ્યા, એક ટેબલ પાસે લઈ ગયા. ત્યાં તે ટાઈપીસ્ટ ભાઈએ આ ટેબલવાળા ભાઈને અમારા કામ અંગે વાત કરી તો તે ભાઈ અમારા આશ્ચર્ય વચ્ચે તુરત અમને મદદ કરવા ઊભા થઈ ગયા. અને અમને જ્યાં મુખ્યકામ હતું તે ઓફિસર પાસે લઈ ગયા. સંજોગોવશાત તે ઓફિસર ખુરશી પર ન હતા એટલે બાજુના ઓફિસરે અમને બેસવાનું કહ્યું. અમે એક નાનકડા ટેબલ ઉપર બેઠા.

થોડી જ વારમાં મુખ્ય ઓફિસર આવી ગયા. અમારી સાથે આવેલ બે ભાઈઓએ અમારા કામ અંગે વાત કરી. તુરત જ તે ઓફિસરે તે ફાઈલ શોધવા પ્રયત્ન કર્યો. એમની વિશાળ ઓફિસમાં હજારોની સંખ્યામાં અનેક ફાઈલો પડેલી હતી. આ બધી ફાઈલોમાંથી અમારે જે જરૂર હતી તે ફાઈલ અમે જ્યાં બેઠા હતા,



તે ટેબલ નીચે જ છૂટી પડી હતી. અમને એની ખબર ન હતી, આતો જ્યારે તે ઓફિસરે અમારી નીચે પડેલી ફાઈલ ઊચકી અને જોયું ત્યારે જ અમને ખબર પડી કે આ એજ ફાઈલ છે, જેની અમારે જરૂર હતી, જાણે એ અમારી રાહ ન જોતી હોય? તુરત જ તે ઓફિસરે વિના વિલંબે બીજી કોઈ જાતની અપેક્ષા રાખ્યા વિના અમારું કાર્ય પૂર્ણ કરી આપ્યું,

અમને ભારે શાંતિ થઈ. અમે મનોમન પૂ. શ્રી યોગેશ્વરજીને યાદ કરી રહ્યા.

આનંદ અને આશ્ચર્ય વચ્ચે અમે બહાર નીકળ્યા. અજાણી ઓફિસમાં, અજાણ્યા માણસો, પંદર દિવસે પણ પુષ્પાંજલિ કર્યા સિવાય જે કામ ન પતે, તે કોઈપણ જાતના ખોટા ખર્ચ સિવાય આમ સરળતાથી એકે ધક્કે પતી ગયું એટલે એમનેય નવાય લાગી. ગુરુદેવની કૃપાનું જ દર્શન થયું. લાગ્યું કે પૂ. શ્રી એજ પોતાની દિવ્ય શક્તિથી, એ અજાણ્યા માણસોને પ્રેરણા કરાવી આપ્યું.

એ વિચારો મનમાં ચાલતા હતા અને હું બસ સ્ટેન્ડે આવીને બસમાં બેઠો. સરળતાથી જગ્યા મળી ગઈ. સાંજના પાંચ વાગ્યા હતા. દોઢેક કલાકની મુસાફરી પછી, બસ એકદમ ઊભી રહી ગઈ. તપાસ કરતાં માલુમ પડ્યું કે આગળ રોડ પર અકસ્માત થયો છે. તેથી ગામલોકો આવતી જતી બસો રોકી અટકાવી રહ્યા છે.

અમે નીચે ઊતર્યા કોઈ ઉપાય ન હતો. રસ્તાની બંને બાજુ બસો તથા ખટારાઓની લાંબી લાઈનો લાગી ગઈ હતી. આમ બે કલાક રસ્તા ઉપરજ ઊભા રહ્યા. અંધારૂ થતાં બસમાં આવીને બેઠા.

થોડીવાર પછી એક ભાઈ સમાચાર લાવ્યા કે એક ટ્રકવાળો લોકોને વડોદરા લઈ જાય છે, જેને જલદી જવું હોય તે ચાલો અહીં તો રાતના કેટલા વાગશે તે કહેવાય નહિ. એટલે અમે ઉતાવળે ટ્રકમાં બેસવા ગયા, ત્યાં તો ટ્રક ઉપડી ગઈ! હવે શું?

પ્રભુકૃપાથી એકાદ મિનિટમાંજ એક બીજી ટ્રક આવી. એ તદ્દન ખાલી હતી. તેને બધા પેસેન્જરોએ વિનંતી કરી, એટલે ડ્રાઈવરે

બધાને બેસવા કહ્યું. આગળ કેબીનમાં બેત્રણ ભાઈઓ બેઠેલા હતા. ગભરાટમાં લોકો જે રીતે ફાવે તે રીતે ટ્રકમાં ચઢવા માંડ્યા. હું પણ દરવાજાની બાજુમાંથી ટ્રકમાં બેસવા ઉપર ચઢ્યો, ત્યાંજ પાછળથી એક લુંગીને બંડીવાળો અજાણ્યો માણસ મારાં જ કપડાં ખેંચીને મને કહેવા લાગ્યો''ઉતરીજાવ'' મેં કહ્યું :''અરે ભાઈ! મારે ચઢવું છે.'' તે કહે: ''હું કહું છું ને તમે ઉતરી જાવ, આગળ બેસો.''

''અરે ભાઈ આગળ જગ્યા નથી.''

''પણ હું કહું છું ને કે તમે ઉતરી જાવ ને આગળ બેસો.''

છેવટે તે ભાઈની કડક આજ્ઞા જેવા શબ્દોથી મારે ઉતરી જવું પડ્યું અને હું ડ્રાઈવરની કેબીનમાં બેસવા ગયો તો ત્યાં કેબીન ભરેલી હતી. પણ મારા આશ્ચર્ય વચ્ચે, એક ભાઈ ઉતરી ગયો ને મને ત્યાં જગ્યા મળી, હું બેસી ગયો ભાડાના રૂા. ચાર પણ ડ્રાઈવરને આપી દીધા. અંધારૂ હતું. નાની સરખી લાઈટમાં ડ્રાઈવરે પૈસા લઈ મૂકી દીધા.

મને બળજબરીથી નીચે ઉતારનાર પેલા લુંગીવાળા ભાઈતો ટોળામાં દેખાયાજ નહિં. રાત્રીના અંધકારમાં તે કોણ હતા ને ક્યાં ગયા તે ખબર ન પડી. અમારી ટ્રક ઉપડી. ધીમે ધીમે જ્યાં અકસ્માત થયો હતો તે જગ્યા આવી. રસ્તા વચ્ચેજ બસોની હવા કાઢી નાંખી હતી એટલે વચમાં ગમે તેમ બસો પડી હતી. વારાફરતી સામ સામેની લાઈનમાં વાહનો ચાલતા અમારી લાઈન બંધ હતી. સામેની લાઈન ચાલુ થતાં સામેની ટ્રકનો પ્રકાશ અમારા ઉપર પડતો હતો. આ અરસામાં ડ્રાઈવરની નજર મારા ઉપર પડી એટલે એણે તરત મને પ્રશ્ન પૂછ્યો.

''તમે વાડીમાં રહો છો?''

મેં કહ્યું 'હા'

''તમે ગાંધી ઓઈલ મીલવાળા?''

'હા'



''તો તો શેઠ, આ તમારા રૂ. ચાર પાછા લો.''

''કેમ? એ તો ભાડુ છે, ભાઈ! ''

''ના શેઠ. તમારું મેં ઘણું નિમક ખાધું છે. મારાથી ભાડાના પૈસા ના લેવાય''

''અરે ભાઈ! તમારો આ ધંધો છે.''

''ના લેવાય, શેઠ. બીજા પણ તમારી સાથે કોઈ હોય તો તેમના પૈસા લઈ લો.''

મેં કહ્યું, ''ના, હું એકલોજ છું. ''

તેણે ધીરેથી કહ્યું, ''હવે તો શેઠ, તમને તમારા ઘર સુધી મૂકી જવાની મારી ફરજ છે.''

આમ વાતો કરતા તે ટ્રકવાળા ભાઈ રાતના પોણાબાર વાગે વડોદરા છેક મારા ઘરે આવીને મને ઉતારી ગયા.

મને મનમાં એ થતું હતું કે જ્યાં રસ્તાંમાં હજારો મુસાફરો અટવાઈ પડ્યા હતા, ત્યાંથી મને સલામત રીતે માનપૂર્વક સંભાળીને ઘરે પહોંચાડવાનું કાર્ય કોણે કર્યું? મારું મન કહે છે મારા ગુરુ સિવાય મારી એવી સંભાળ કોણ રાખે?

વળી મને આજ્ઞા કરી ટ્રકમાંથી ઉતારનાર ને આગળ બેસવાનો આગ્રહ કરનાર અજાણ્યો લુંગીને જાકીટ વાળો આદમી કોણ હતો, તે મારે મન આજેય કોયડો છે. એટલી વાત સાચી કે એણે મને આજ્ઞા કરી આગળ બેસાડ્યો ન હોત તો મને ઘર સુધી પહોંચાડવાની જે ઘટના બની તે કદી ન બનત. એ આજ્ઞા કરનાર માણસનો પહેરવેશ અભિનય આજે પણ હું ભૂલી શકતો નથી. જીવનભર મને યાદ તે રહેશે.

શ્રદ્ધાળુ માણસ તરીકે મને એમાં મારા ગુરુ શ્રી યોગેશ્વરજીની કૃપાનું જ દર્શન થાય એ સ્વાભાવિક છે. પ્રભુ અમારા ઉપર એવી કૃપા કાયમ વરસાવતા રહેજો, એજ પ્રાર્થના.